સુવિચાર
''આપણાં માટે આપણી 'કુંડળી' કરતાં આપણી 'મંડળી' કેવી છે ! એ વધું અગત્યનું હોવું જોઈએ.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૯/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ વદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૨૨૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## આમઆદમીને ટૂંક સમયમાં અસાધારણ નાણાકીય વળતર આપવાની લાલચ આપીને

# કરોડો રૂપિયાની છેતરપીંડી કરનાર ૬ આરોપીને પોલીસે દબોચી લીધા

**અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે કંપનીનાં ડિરેક્ટર સહિત કુલ ૬ આરોપીને ઝડપી લેતા ચકચાર**

**આરોપીઓએ SD Pay અને Apna Pay નામની એપ્લિકેશન મારફતે આકર્ષક વળતર આપવાની લાલચ આપેલ**

**નાગરિકોને એક હજારથી લઈને પાંચ લાખથી વધુ રકમનું રોકાણ કરાવવા ફસાવાતા હતા**

**પોલીસ અધિક્ષક સંજય ખરાતે પત્રકાર પરિષદમાં ક્રાઈમની વિગતો દર્શાવી**



અમરેલી, તા. ૮

ડીઝીટલ સાયબર ફ્રોડ કરીને ગુન્હાઓ આચરતા આશિષ છગન ગેડીયા (સુરત કતારગામ), ભાવેશ ધીરૂ ચૌહાણ (હાલ સુરત મૂળ સાવરકુંડલા), નીશી સત્યનારાયણ પ્રસાદ (મૂળ બિહાર રાજય), સોહિલ જીતેન્દ્ર મકવાણા (મહેસાણા), નીરવ અરવિંદ પટેલ (મહેસાણા) અને સૂર્યસિંહ જગતસિંહ રાઠોડ (ગાંધીનગર) એ SD Pay અથવા Apna Pay દ્વારા નાણાં રોકાણના નામે છેતરપિંડી કરતી ગેંગનો અમરેલી પોલીસે પર્દાફાશ કર્યો હતો. ૧ હજારથી લઈને ૨૫ હજાર એમ અલગ અલગ રકમ પર દૈનિક ટકાવારી આપવાના કૌભાંડનો પોલીસે પર્દાફાશ કરીને કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનારા અમરેલી સાયબર પોલીસની ઝપટે ચડી ગયેલા હતા. એપ્લિકેશન મારફતે ઓનલાઈન બેંકિંગ સેવાઓ જેવી સુવિધાઓના નામે સાયબર ફ્રોડ કરતા હતા કેશબેક એપ્લિકેશન મારફતે બિલ પેમેન્ટ, મોબાઈલ રિચાર્જ જેવી સુવિધાઓના નામે છેતરપિંડી કરી હતી. સાથે સાથે નાની રકમથી લઈને લાખોની રકમ પર દૈનિક ૩૦% સુધીના વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હતી. આ તમામ આરોપીઓ SD Pay નામની એપ્લિકેશન એકાઉન્ટ બાબતે તપાસ કરતા કુલ ૨૭૧ લોકોએ રોકાણ કરાવેલ અને આગળ જતા તેમની નીચે અલગ અલગ લેવલ પ્રમાણે અંદાજે દોઢ થી ૨ લાખ જેટલા લોકોને જોડીને SD Pay જોડી રોકાણ કરાવેલ અને SD Pay એપ્લિકેશન બાબતે પ્લે સ્ટોરમાં કામ કરતા આ એપ્લિકેશનમાં ૧૦ લાખથી વધુ યૂઝર જોડાયેલા અને આરોપીઓએ અલગ અલગ કંપનીઓના અલગ અલગ બેંક ખાતાઓ વિરૂદ્ધ ૮૩ જેટલી સાયબર

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ**
**સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)<br>કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ<br>લક્ષણો:<br>પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ - ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સવારે ૯ થી ૩

ડો. અલ્પેશ કિકાણી - હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ, લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત
તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦

ડો. આકાશ માકડીયા - પેડિયાટ્રિક ઓર્થો સર્જન, બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત
તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬

ડો. જીગર પટેલ - પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. મનિષ પકાણી - ન્યુરો ફીઝીશ્યન, મગજના રોગોના નિષ્ણાંત
તા. ૧૨/૦૯/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧

(જુના ટ્રેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી - કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ




દર મહિનાના બીજા ગુરૂવારે
તારીખ : ૧૦/૦૯/૨૦૨૬
સમય : સવારે ૧૦ : ૦૦ થી ૧ : ૦૦
પેટ- આંતરડાના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં..
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ ( ગોળ દવાખાનું )
પહેલી વાર બતાવવા આવો ત્યારે ભૂખ્યા પેટે આવવું...
૨૫ વર્ષથી વધુ વર્ષોનો અનુભવ ધરાવતી સૌરાષ્ટ્ર - કચ્છની જાણીતી પ્રાઈમ હોસ્પિટલના પેટ - આંતરડા અને લીવરના નિષ્ણાંત
❖ એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી ( દુરબીન વડે પેટની તપાસ ) ની સુવિધા ઉપલબ્ધ



ડો.અવ્વલ સાદીકોટ
MD,DNB (Gastro)
ગોલ્ડ મેડાલીસ્ટ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 81288 66553 / 99789 66629

### જાણીતા એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ રહી

# અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કોર્ટ દ્વારા અરજદારને ૧૨.૨૨ લાખ ચુકવવા હુકમ

## શેત્રુંજી નદીનાં પુલ ઉપર થયેલ અકસ્માતને લઈને વળતર ચુકવાશે



અમરેલી, તા. ૮

સદર કામની વિગત જોતા ફરિયાદીના માલિકીના ટાટા કંપનીની ટ્રક એલપીટી ૨૫૧૫ જેનો આરટીઓ રજીસ્ટ્રેશન નંબર જી.જે.–૧૯ પી–૨૭૧૦ જેઓ માલ ભરવા માટે અમરેલીથી ચલાલા મુકામે જઈ રહ્યા હોય. શેત્રુંજી નદીના પુલ ઉપર પહોંચતા સામેથી આવતા વાહનને બચાવવા જતા વાહન પરનો કાબુ ગુમાવતા વાહન ટોટલ લોસ થયેલ. ડ્રાઈવરને ખૂબ ઈજાઓ થયેલ તેઓએ ખૂબ સારવાર લીધેલ. સામાવાળાને જાણ થતા ઈન્સ્યોરન્સ કંપનીએ સર્વેયરની નિમણૂંક કરેલ પક્ષકારે તમામ દસ્તાવેજો પૂરા પાડેલ અને કલેઈમની કાર્યવાહી કરેલ. ત્યારબાદ તારીખ ૧૩/૩/૨૦૨૦ના રોજ કલેઈમ નામંજૂર કરેલ. ત્યારબાદ ફરિયાદ સમય મર્યાદામાં છે ફરિયાદ ચલાવવા હકુમત રહેલ છે અરજદારને વાહન ટોટલ લોસ થયેલ હોય તેનું ખૂબ મોટું નુકસાન થયેલ છે. પોલીસીની આઈડીવી તથા વ્યાજ સહ રકમ ચૂકવવા એડવોકેટ જે.આર. વાળા દ્વારા પિટિશન દાખલ કરેલ. જેમાં પ્રથમ નોટિસ આપેલ ત્યારબાદ બધા પુરાવા સાથે આગળની કાર્યવાહી હાથ ધરતા કેસની ટ્રાયલ ચાલતા જેમાં ફોરમ કોર્ટ દ્વારા ૮,૦૦,૦૦૦ તથા વ્યાજ નવ ટકા સહિત હુકમ કરેલ જે હુકમથી નારાજ થઈ ઈન્સ્યોરન્સ કંપની રાજય ફોરમમાં અપીલ કરેલ. જે અપીલના કામે કેસ રિમાન્ડ થયેલ ત્યારબાદ ફરી જિલ્લા ફોર્મ કોર્ટ દ્વારા પુરાવાઓ તપાસતા અરજદાર રણજીતભાઈ તરફે ૧૨.૨૧ લાખ રકમ ચૂકવવા હુકમ થયેલ જેમાં અરજદાર તરફે એડવોકેટ જે.આર. વાળા, જયોતીન્દ્ર ગોરખીયા તથા જે.પી. ત્રિવેદી રોકાયેલા હતા.

### આરોપી અનિલ રાઠોડ ઉર્ફે પ્રણવભાઈ સોનીએ કર્યું કારસ્તાન

# બગસરાનાં પ્લાયવુડ, ઈલેક્ટ્રીક કેબલ, કલર સહિતનો માલસામાન લઈને ૪ વેપારીઓ સાથે છેતરપીંડી કરાઈ

## મંદીનાં માહોલમાં વેપાર કરવાની લાલચમાં એકીસાથે ૪ વેપારીઓ ફસાઈ ગયા

અમરેલી, તા. ૮

આરોપી અનિલભાઈ રાઠોડ ઉર્ફે પ્રણવભાઈ સોનીએ ગત તા. ૧૩/૮/૨૬ થી તા. ૨૩/૮/૨૬ સુધી અલગ અલગ સમયે બગસરા ગામે જેતપુર રોડ ઉપર આવેલ નાયરા પંપની બાજુમાં રહેતા મેહુલભાઈ જયંતિભાઈ વાઘેલા નામના વેપારી પાસે આવી અને કહેલ કે અમારે બગસરા તેમજ અમરેલીમાં બ્રાન્ડેડ કપડા તેમજ બુટ–ચપલનો શો–રૂમ બનાવવાનો છે અને અહિ બગસરામાં જેતપુર રોડ ઉપર આવેલ બાબુભાઈ સતાસીયાની દુકાન અમે શો–રૂમ બનાવવા માટે ભાડેથી રાખેલ છે અને હાલ તેમાં કામ ચાલુ છે. તેમ કહી વેપારી સાથે વિશ્વાસ કેળવી વેપારી પાસેથી પ્લાઈવુડના ૪૦ પાટીયા તેમજ ૫૦ કિલો ફેવીકોલ, શટર લોક, હિટેક્ષના ચાર ડબ્બા એક એક લીટરના ગ્રીપ, સ્ક્રુ એમ મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦ની વસ્તુ મેળવી લઈ અને બાદમાં તે વસ્તુનું પેમેન્ટ ચુકવેલ નહિ.

તેમજ બગસરાના બીજા વેપારીને પણ આ આરોપી શો–રૂમમાં કામ માટે વસ્તુઓની જરૂરત હોવાનું જણાવી ઉધારથી માલ લેવા વિશ્વાસમાં લઈ હિરાણી હાર્ડવેરમાંથી કલરની ડોલો જેમાં ડેમપ્રુફ તથા બીજી અન્ય નાની મોટી વસ્તુઓ જેની આશરે કિંમત રૂપિયા ૩૬,૧૦૦ તથા ગોપી ઈલેકટ્રીક નામની ગોપીભાઈ રાદડીયાની દુકાનેથી ઈલેકટ્રીકનો કેબલ વાયર, કોપર વાયર, લેમ્પ, પંખા મળી આશરે રૂપિયા ૧,૬૦,૬૬૦ તથા વૃદાંવન ઈલેકટ્રીક નામની કમલેશભાઈની દુકાનેથી એક એલઈડી ટીવી જેની આશરે કિંમત રૂપિયા ૭૪૦૦૦ની વસ્તુઓ લઈ પેમેન્ટ નહી આપી બગસરાના ચારેય વેપારીઓને વિશ્વાસમાં લઈ જુદા જુદા પ્રકારના માલની કુલ કિંમત રૂપિયા ૪,૦૧,૭૬૦ની ચિજ વસ્તુઓ લઈ નાણા નહી ચુકવી બગસરાના વેપારીઓ સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### કેન્દ્રીય મંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલ અને સાંસદ રૂપાલાની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં આજે સહકાર પરિસંવાદ અને સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાનું આયોજન

## ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં માર્ગદર્શનતળે કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૮

આવતીકાલ બુધવારના રોજ સવારના ૦૯–૦૦ કલાકે અમર ડેરી, ધારી રોડ, અમરેલી ખાતે જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા મળી રહી છે. જેમા મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી અને પંચાયત વિભાગના કેન્દ્રીય રાજય મંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલા સહિત આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહેશે. આ સાથે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ (કાર્ડ) ધ્વારા આંતરરાષ્ટ્રિય મહિલા કૃષિ વર્ષ–૨૦૨૬ અનુસંધાને સહકાર પરિસંવાદ યોજાશે.

અમરેલી ખાતે વિવિધ સહકારી સંસ્થાઓની સંયુકત વાર્ષિક સાધારણ સભાના આયોજનની પહેલ અમરેલી ખાતે દિલીપ સંઘાણીના માર્ગદર્શનતળે એટલી અસરકારક નિવડી કે, અન્યત્ર આ પ્રકારના આયોજનો સ્વિકૃત બન્યા. વાર્ષિક સાધારણ સભાની સાથોસાથ ભારત સરકારની રાષ્ટ્રિય ગોકુલ મિશન યોજના અને આર.કે.વી.વાય. યોજના અંતર્ગત વિવિધ એકમોનું લોકાપર્ણ કરવામા આવશે. જેમા સેન્ટર એકસેલન્સનું લોકાપર્ણ, એબ્રિયો ટ્રાન્સફર લેબોરેટરીનું લોકાપર્ણ, આઈસ્ક્રીમ અને પનિર પ્લાન્ટનું લોકાપર્ણ અને શ્રેષ્ઠ કામગીરી બદલ સહકારી સંસ્થાઓને સન્માનિત કરવામા આવશે.

વાર્ષિક સાધારણ સભામાં વિવિધ સેવા સહકારી મંડળી–દુધ સહકારી મંડળીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રોત્સાહિત કરવામા આવશે. સહકાર સંમેલનમા જિલ્લાભરની સહકારી સંસ્થાઓના પ્રમુખો, ડીરેકટરો, ખેડૂતો, પશુપાલકો, શ્રમીકો, મહિલાઓ તથા સહકારી આગેવાનો, સાંસદ–ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, સંગઠનના હોદેદારો, માર્કેટયાર્ડના ચેરમેન, જિલ્લાભરની સહકારી મંડળીઓના પ્રમુખ–મંત્રીઓ અને સભાસદ ભાઈ–બહેનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સહકારી સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા સહકારી સંઘના પ્રમુખ યુવા અગ્રણી મનિષ સંઘાણી, અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, અમર ડેરીના એમ.ડી. ડો. આર.એસ. પટેલ, અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના જનરલ મેનેજર (સીઈઓ) બી.એસ. કોઠીયા સહિત ટીમ સહકાર તડામાર તૈયારી કરી રહયાનું અખબારી યાદીના અંતમા જણાવાયેલ છે.

### સતર્કતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ

# રાજુલા નજીક ગુડસ ટ્રેનના લોકો પાયલોટે એશિયન સિંહને સુરક્ષિત રીતે બચાવ્યો

## લોકો પાયલટ દ્વારા સ્ટેશન અધિક્ષકને જાણ કરાઈ



અમરેલી, તા. ૮

રાજુલા જંકશન રેલખંડ પર એક એશિયનસિંહ રેલવે ટ્રેક પાર કરતો જોવા મળતા જ માલગાડીનું સંચાલન કરી રહેલા લોકો પાઈલટોએ ટ્રેન રોકી એશિયન સિંહને સુરક્ષિત બચાવ્યો હતો.

ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા એશિયન સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં ટ્રેનોનું સંચાલન અત્યંત સાવચેતી અને નિર્ધારિત ગતિ મર્યાદા સાથે કરવામાં આવી રહ્યું છે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન તથા વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર (ટ્રેકશન) વિજેન્દ્ર કુમાર મીણાના નેતૃત્વ હેઠળ લોકો પાયલટોને વન્યજીવ વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવા માટે સતત જાગૃત અને માર્ગદર્શિત કરવામાં આવે છે.

આ જ સતર્કતાનું એક પ્રશંસનીય ઉદાહરણ આજે સામે આવ્યું છે, જયારે રાજુલા સિટી–રાજુલા જંકશન રેલખંડ પર એક એશિયન સિંહ રેલવે ટ્રેક પાર કરતો જોવા મળ્યો હતો. આ સમયે જ એક માલગાડી પસાર થતી હોય ત્યારે આ માલગાડીનું સંચાલન કરી રહેલા લોકો પાયલટ રિકેશકુમાર ભાટિયા તથા વરિષ્ઠ સહાયક લોકો પાયલટ કૈલાશ કુમાવતએ કિલોમીટર નંબર ૦૪/૧૬–૧૫ નજીક ટ્રેક પર સિંહને જોતા જ તાત્કાલિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી. તેમની ત્વરિત કાર્યવાહી અને સતર્કતાના કારણે એશિયન સિંહ સંભવિત રેલ અકસ્માતનો ભોગ બનવાથી બચી ગયો હતો.


આ ઘટનાના તુરંત બાદ લોકો પાઈલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) તથા રાજુલા સિટીના ઉપસ્ટેશન અધિક્ષકને જાણ કરવામાં આવી હતી. અને માહિતી મળતાં જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર ભરતભાઈ ઘટના સ્થળે પહોંચ્યા હતા. અને સિંહને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યો હતો. પરિસ્થિતિ સામાન્ય થયા બાદ માલગાડીને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

ભાવનગર મંડળમાં રેલવે તથા વન વિભાગ વચ્ચેના અસરકારક સંકલન અને લોકો પાયલટોની સતર્કતાના પરિણામે અનેક એશિયન સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી બચાવવામાં આવ્યા છે. વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધકના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ૧૫૯, નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ૧૨૯ તથા વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી ૬૫ એશિયન સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.

### માર્કેટયાર્ડ નજીક અકસ્માતની ઘટના ટળી

# સાવરકુંડલા : માલગાડી પસાર થયા બાદ તુરત જ રેલ્વે ટ્રેક પર ગાય આવી ચડી

## મૂંગા પશુઓની સુરક્ષા સામે ગંભીર સવાલો



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેરમાં આવેલ માર્કેટિંગ યાર્ડ નજીકના રેલવે ફાટક પાસે તાજેતરમાં એક અકસ્માત બનતા બનતા રહી ગયો હતો. બે–ત્રણ દિવસ પહેલાં જયારે આ ફાટક પરથી એક માલગાડી પસાર થઈ રહી હતી, ત્યારે નિયમ મુજબ ફાટક બંધ કરવામાં આવ્યું હતું. માલગાડી પસાર થઈ ગયા બાદ હજુ તો ફાટક ખુલ્યું પણ ન હોતું, તે જ સમયે એક ગાય અચાનક રેલ્વે પાટા પર ચાલતી જોવા મળી હતી.

જો આ ઘટના માલગાડી પસાર થવાના એકાદ મિનિટ પહેલાં બની હોત તો નિઃશંકપણે આ મૂંગું પશુ કાળનો કોળિયો બની ગયું હોત અને અકસ્માત સર્જાયો હોત. ફાટક ખુલવાની રાહ જોઈને ઊભેલા સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીએ આ સંવેદનશીલ દ્રશ્ય પોતાના કેમેરામાં કંડારી લીધું હતું.

આ ઘટનાએ રેલ્વે ટ્રેક પર રખડતાં–ભટકતા પશુઓની સુરક્ષા અને રેલ્વે તંત્રની બેદરકારી સામે અનેક સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક નાગરિકો અને પશુપ્રેમીઓમાં એ વાતની ચર્ચા છે કે, ભલે આ જમીન રેલ્વે તંત્રની માલિકીની હોય અને ફાટક પણ બંધ હોય, પરંતુ મૂંગા અને અબોલ પ્રાણીઓને કાયદા કે ફાટક બંધ હોવાની ભાન કેવી રીતે હોય ?

રેલ્વે ટ્રેક પર અવારનવાર પશુઓ અથડાવાની ઘટનાઓ બનતી હોય છે, ત્યારે રેલ્વે તંત્ર દ્વારા આવા અબોલ જીવોના રક્ષણ માટે કોઈ ચોક્કસ અને અસરકારક પોલિસી બનાવવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે. ટ્રેક પર પશુઓનું આવવું અટકાવવા માટે યોગ્ય ફેન્સિંગ અથવા પ્રોટેકશન વોલ જેવી વ્યવસ્થા કરવામાં આવે, જેથી કરીને ભવિષ્યમાં કોઈ મૂંગું પ્રાણી અકસ્માતનો ભોગ ન બને અને રેલ્વે વ્યવહાર પણ સુરક્ષિત રહે.

### ઓસ્ટ્રેલિયા સ્થિત કનુભાઈ પીઢડિયા પરિવાર દ્વારા

# ચમારડીમાં પૂજય લહેરગીરી બાપુના મંદિરે ધ્વજારોહણ

## વાજતે–ગાજતે સામૈયા સાથે યોજાયો ધાર્મિક કાર્યક્રમ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૮

બાબરા તાલુકાના ચમારડી ગામે પૂજય સંત શ્રી લહેરગીરીબાપુના મંદિર ખાતે પીઢડિયા પરિવાર દ્વારા ભવ્ય પ્રવજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મૂળ ચમારડી ગામના વતની અને હાલ ઓસ્ટ્રેલિયા ખાતે વસવાટ કરતા કનુભાઈ પીઢડિયા પરિવાર દ્વારા મંદિર પરિસરમાં પરંપરાગત ધાર્મિક વિધિ સાથે પ્રવજારોહણ કરવામાં આવ્યું હતું.

ધ્વજારોહણ પ્રસંગે વાજતે – ગાજતે ભવ્ય સામૈયું યોજાયું હતું, જેમાં પીઢડિયા પરિવારજનો સહિત ચમારડી ગામના મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને મંદિર પરિસર જયઘોષથી ગુંજી ઉઠયું હતું.

ધ્વજારોહણ બાદ બપોરના સમયે પીઢડિયા પરિવાર દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરિવારજનો, સ્થાનિક ગામના અગ્રણીઓ, સાધુ – સંતો, ભુદેવો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

વતન પ્રત્યેની લાગણી અને ધાર્મિક આસ્થા સાથે ઓસ્ટ્રેલિયામાં વસવાટ કરતા કનુભાઈ પીઢડિયા પરિવાર દ્વારા પોતાના મૂળ ગામ ચમારડીમાં યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમને લઈ ગ્રામજનોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા, ભક્તિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### ન્યાય સમિતિનાં ચેરમેન એકશન મોડમાં

# બાબરાનાં અનુ.જાતિ વિસ્તારોમાં વિકાસ કાર્યોની સ્થળ મુલાકાત લીધી

## વિકાસ કાર્યો ગુણવત્તાસભર કરવા સુચના આપી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન તરીકે કિરીટભાઈ બગડાએ ચાર્જ સંભાળ્યા બાદ તાલુકાનાં વિકાસકાર્યોની કામગીરી અંગે સક્રિયતા દાખવી છે. ચેરમેન તરીકેની જવાબદારી સંભાળતા જ તેમણે પોતાના વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યોનું સ્થળ પર જઈ નિરીક્ષણ શરૂ કર્યું છે.

તાલુકાનાં અનુસૂચિત વિસ્તારોમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસકાર્યો ગુણવત્તાયુક્ત અને યોગ્ય રીતે થાય તે માટે કિરીટભાઈ બગડા દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આ અંતર્ગત તેમણે ઈંગોરાળા ગામની મુલાકાત લઈ આંગણવાડી કેન્દ્રની કમ્પાઉન્ડ દિવાલનાં ચાલી રહેલા કામનું સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. સાથે જ આંગણવાડી કેન્દ્ર તથા ગ્રામ પંચાયતની પણ મુલાકાત લઈ સ્થાનિક સ્તરે ચાલી રહેલી કામગીરી અને જરૂરી સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી.

ચેરમેન કિરીટભાઈ બગડાએ જણાવ્યું હતું કે, સામાજિક ન્યાય સમિતિ હેઠળ આવતા વિસ્તારોમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે અને વિકાસનાં કામોમાં ગુણવત્તા જળવાઈ રહે તે તેમની પ્રાથમિકતા રહેશે. વિકાસકાર્યો માત્ર કાગળ પર નહીં પરંતુ સ્થળ પર યોગ્ય રીતે અને ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે માટે નિયમિત સ્થળ મુલાકાતો કરવામાં આવશે.

આ મુલાકાત દરમિયાન તાલુકા ભાજપ ઉપપ્રમુખ સુરજીતભાઈ ડેર તેમજ ઈંગોરાળા ગામના સરપંચ ધર્મેશભાઈ ડેર સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા.

### આમ આદમી પાર્ટી પ્રમુખની રજુઆત

# લીલીયા મોટા ખાતે ''નલ સે જલ'' યોજનાની કામગીરીમાં લોલમલોમ

## મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તપાસની કરી માંગ

લીલીયા મોટા, તા. ૮

લીલીયા મોટા આમ આદમી પાર્ટીના પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી 'નલ સે જલ' યોજના અંગે રજૂઆત કરાય પત્રમાં જણાવેલ કે ' નલ સે જલ' યોજના અંતર્ગત જે વિસ્તાર માં કામમાં લોલમ લોલ યોજના માત્ર કાગળ પર કામ બતાવી લાખો રૂપિયાનું સરકારના પેસાનું પાણી કરતાં કોન્ટ્રાકટર તેમજ પંચાયત અધ્યક્ષ સામે તપાસ કરાવવા બાબત મુખ્યમંત્રીને પત્ર પાઠવતા તાલુકા આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણી જે પત્રમાં જણાવ્યું કે લીલીયા ગામ ની અંદર 'નલ સે જલ' યોજના છેલ્લા ૩ વર્ષ થી ટલે ચડી છે ત્યારે હમણાં થોડા સમય પેલા અમુક વિસ્તાર થોડું કામ કર્યુ તેમાં પણ એકદમ હલકી ગુણવતાનું મટીયલ વાપરી લાખો રૂપિયાનો વ્યર્થ કરેલ છે આ બાબતે જિલ્લા સ્વાગત સુધી રજૂવાત કરેલ છે. છતાં પણ આવા ભ્રષ્ટ કોન્ટ્રાકટર ઉપર કોય કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ યોજના છેલ્લા ૩ વર્ષ થી ટલે ચડાવી માત્ર ને માત્ર ભ્રષ્ટાચાર આચરેલ હોય તો સાચી તપાસ કરવાંમાં આવે અને ગામ લોકોને ન્યાય મળે એવી મુખ્યમંત્રી ને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

## છેલ્લા ૨૦૯ વર્ષથી હજારો શ્રધ્ધાળુઓનાં આસ્થાનાં કેન્દ્રસમા

# અમરેલીનાં નાગનાથ મંદિરને 'દેવસ્થાન' તરીકે સરકારી રેકર્ડમાં સમાવેશ કરો

ઈ.સ. ૧૮૧૭માં શિવલીંગ સ્વયંભુ પ્રગટ થયેલ અને તે સમયે ૬૦ હજારનાં ખર્ચે મંદિરનું નિર્માણ થયેલ

શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત નાગનાથ મંદિરમાં વધારે સુવિધા ઉભી કરવી જરૂરી બની

મંદિર પરિસરમાં યજ્ઞશાળા, ભોજનાલય અને ભકતો માટે ઉતારાની વ્યવસ્થાનું પણ આયોજન થયેલ છે

સંસ્થાનાં પ્રમુખે જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને નાગનાથ મંદિરનો દેવસ્થાન રેકર્ડમાં સમાવેશ કરવા માંગ કરી






અમરેલી, તા. ૮

અમરેલીનાં શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન ટ્રસ્ટનાં પ્રમુખ કિશોરભાઈ મહેતાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી ઈ.સ. ૧૮૧૭માં ગાયકવાડ સ્ટેટનું રાજય હતું. ત્યારે કાઠીયાવાડનાં વ્યવસ્થાપક/દીવાન સરસુબા શ્રી વિઠ્ઠલરાવ દેવાજીની ગાયોને ચરાવવા એક ભરવાડ લઈ જતો હતો. જેમાંથી એક ગાયનું દૂધ બહુ ઓછું આવતું હતું. તે જાણીને સુબાશ્રી વિઠ્ઠલરાવ દેવાજીએ ભરવાડને પ્રશ્ન કર્યો કે, આ ગાયનું દૂધ કેમ ઓછું આવે છે ? જેથી ભરવાડે તે ગાય પર ધ્વાન આપવાનું શરૂ કર્યુ અને એક વખત ભરવાડ તે ગાયને ચરાવવા જે જગ્યા પર ગયો હતો તે જગ્યા એટલે હાલ નાગનાથ મહાદેવનું શિવલીંગ છે તે જગ્યા પર આ ગાય ઉભી રહેતાં જ ગાયનાં આંચળમાંથી દૂધની ધારા વહેવા લાગે છે. આ જોતા જ ભરવાડને ચિંતા થવા લાગી અને આ વાતની જાણ સુબાશ્રી વિઠ્ઠલરાવ દેવાજીને કરી અને તેઓને પણ ખૂબ જ આશ્ચર્ય થયું અને આ વાતથી આશ્ચર્યચકિત થઈ બીજા દિવસે સુબાશ્રી પોતે આ જગ્યા પર જોવા માટે આવ્યા અને ગાય તેની નિશ્ચિત જગ્યા પર પહોંચતા જ દૂધની ધારા વહેવા લાગી. આ જોઈને સુબાશ્રી વિઠ્ઠલરાવ દેવાજીએ આ જગ્યાનું ખોદકામ કરતાં ત્યાં સ્વયંભુ શિવલીંગ મળી આવતાં આની વાત સુબાશ્રીએ રાજા ગાયકવાડને કરી અને તરત જ ગાયકવાડ સરકારે આ જમીન પર રૂા. ૬૦,૦૦૦નાં ખર્ચે મંદિરનું નિર્માણ કરાવ્યું અને આ મંદિરનું ટ્રસ્ટ બનાવી તેણે ટ્રસ્ટને મંદિર સોંપી દીધું હતું. આ ટ્રસ્ટમાં હાલ નાગનાથ મંદિર ઉપરાંત સિધ્ધિ વિનાયક ગણેશજીનું મંદિર, ગાયત્રી માતા, સાંઈબાબા, અંબે માતા તેમજ શનિદેવ વિગેરેના મંદિર છે. આ મંદિરનું કુલ ૨૮,૦૦૦ ચો.ફૂટ જગ્યામાં બાંધકામ આવેલ છે તેમજ આ મંદિરનાં પાછળનાં ભાગે વર્ષો જુની આવેલ બિલ્ડીંગમાં બે ભાડુઆતો રહે છે તેને ખાલી કરાવી આ જગ્યામાં યજ્ઞશાળા, ભોજનાલય તેમજ ઉપરનાં ભાગે ભકતોનાં ઉતારા માટે રૂમો બનાવવાનું પણ આયોજન કરેલ છે અને ત્યારબાદ મંદિરનો જીર્ણોધ્ધાર પણ કરવાનો છે. આ મંદિરમાં સ્વયંભુ શિવલીંગ પ્રગટ થયેલ હોય જેથી આ મંદિર સાથે લગભગ છેલ્લા ૨૦૯ વર્ષથી લોકોની આસ્થા અને શ્રધ્ધા જોડાયેલી હોય અને સનાતન હિન્દુ ધર્મનું નાગનાથ મહાદેવ મંદિર માત્ર અમરેલી શહેરની દોઢ–બે લાખની વસ્તી જ નહીં પરંતુ, દેશ–વિદેશમાં રહેતા ભકતોની આસ્થાનું પ્રતિક છે અને શ્રાવણ માસ તેમજ શિવરાત્રીએ હજારો મહાદેવ ભકતો અહીં ભગવાન શિવની પૂજા–અર્ચના કરવા આવે છે.

તેથી નાગનાથ મહાદેવ મંદિરે આવતાં ભકતો અને યાત્રાળુઓ માટે સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે અને અમરેલી શહેરવાસીઓના પૌરાણીક શિવ મંદિર અને પરિસરમાં સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે રાજય સરકારનાં દેવસ્થા વિકાસ બોર્ડની યાત્રાધામ વિકાસ યોજના અંતર્ગત અથવા પ્રવાસન સ્થળ તરીકે સમાવેશ જિલ્લા પ્રવાસન સમિતિ ધ્વારા વિકસીત કરવા અમારા આયોજન મુજબ સરકારી અનુદાન માટે રાજય સરકારમાં દરખાસ્ત કરવા વિનંતી છે.

## બ્રહ્મ સમાજનું ગૌરવ : દિપ્તીબેન રાવલે વકીલાતની પદવી મેળવી



અમરેલી, તા. ૮

સમાજના અગ્રણી રાવલ પરિવારના પુત્રવધૂ અને વ્યાસ પરિવારની દીકરી વ્યાસ દિપ્તીબેન મહેન્દ્રકુમારે ઓલ ઈન્ડિયા બાર એકઝામિનેશન (**AIBE-XXI**)ની પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી લીધી છે. આ ભવ્ય અને ઉત્કૃષ્ટ સિદ્ધિ સાથે જ તેમને કાયદેસર રીતે વકીલ તરીકેની ગૌરવપૂર્ણ પદવી પ્રાપ્ત કરીને સમગ્ર બ્રાહ્મણ સમાજનું નામ રોશન કર્યુ છે. દિપ્તીબેને એક દીકરી અને વહુ તરીકે ઘર પરિવારની તમામ સામાજિક જવાબદારીઓ ખૂબ જ સુંદર અને નિષ્ઠાપૂર્વક નિભાવવાની સાથે સાથે કાયદાના ક્ષેત્રમાં આ ઝળહળતી સફળતા મેળવી છે. તેમની આ અથાક મહેનત અને સમર્પણ સમાજની અન્ય દીકરીઓ અને મહિલાઓ માટે પણ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે એક ઉત્તમ પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂ પાડે છે.

ખંભલાવ માતાજીના પરમ આશીર્વાદ અને પરિવારના વડીલોના પીઠબળ–ઓથથી મેળવેલી આ વિશિષ્ટ સિદ્ધિ બદલ વ્યાસ પરિવાર અને રાવલ પરિવાર સહિત સમગ્ર બ્રહ્મ સમાજમાં અત્યારે ભારે આનંદ અને ઉત્સાહની હેલી વ્યાપી ગઈ છે.

દિપ્તીબેનની આ અથાક મહેનત અને રાષ્ટ્રીય સ્તરની સફળતા બદલ ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિના અગ્રણીઓ, સ્નેહીજનો, સગાંસંબંધીઓ અને મિત્ર વર્તુળ તરફથી તેમના પર શુભેચ્છાઓનો અવિરત વરસાદ થઈ રહ્યો છે. આગામી સમયમાં તેઓ કાયદાના માધ્યમથી ન્યાયના પક્ષે રહીને સમાજ અને દેશની ઉત્કૃષ્ટ સેવા કરે તેવી મંગલ કામના સહ સૌ કોઈ તેમને બિરદાવી રહ્યા છે. તેમની આવી જવલંત સફળતા બદલ આપણું કુંડલા પત્રકાર પાંધી ડિજિટલ ન્યુઝ પણ ખોબલે ખોબલે શુભકામના પાઠવે છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241


Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, કિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક
ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત



અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363
















### JNPTથી દિલ્હી-NCR સુધી માલગાડી કનેક્ટિવિટી ઝડપી બનશે

# PM મોદીએ વડોદરાથી WDFCના અંતિમ ત્રણ સેક્શનનું લોકાર્પણ કર્યું

### ઉત્તર ભારતથી JNPT સુધી માલસામાનની અવરજવર માટે સીધી અને ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે, જે ગુજરાત સહિત ૫ રાજ્યોને લાભ આપશે

વડોદરા, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાથી વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ૩ સેક્શનનું લોકાર્પણ કર્યું. આ સાથે ૨,૮૪૩ કિ.મી. લાંબું WDFC અને EDFCનું નેટવર્ક સંપૂર્ણ કાર્યરત બન્યું છે. ઉત્તર ભારતથી JNPT સુધી માલસામાનની અવરજવર માટે સીધી અને ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે, જે ગુજરાત સહિત ૫ રાજ્યોને લાભ આપશે. હવે ૩-૪ દિવસનો સમય ૨૪ કલાકમાં પૂર્ણ થશે.

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટને મંજૂરી મળ્યાના લગભગ બે દાયકા બાદ દેશનું વિશાળ સમર્પિત માલવાહક રેલ નેટવર્ક આજે (આઠમી સપ્ટેમ્બર) સંપૂર્ણ રીતે ઓપરેશનલ બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વડોદરાથી વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના બાકી રહેલા ત્રણ મહત્વના સેક્શનનું લોકાર્પણ કરી પ્રોજેક્ટ દેશને સમર્પિત કર્યો હતો. આ સાથે ઉત્તર ભારતથી પશ્ચિમ કિનારે આવેલા જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT) સુધી માલસામાનની અવરજવર માટે સીધી અને ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે.લગભગ ૨,૮૪૩ કિ.મી. લાંબું WDFC અને EDFCનું સંયુક્ત નેટવર્ક હવે સંપૂર્ણ રીતે કાર્યરત બન્યું છે. WDFC ઉત્તર પ્રદેશના દાદરીથી મહારાષ્ટ્રના JNPT સુધી લગભગ ૧,૫૦૬ કિ.મી. લાંબો છે અને ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પસાર થાય છે. દાદરી ખાતે તે ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સાથે જોડાય છે.

આજે ન્યૂ સાણંદ—ન્યૂ મકરપુરા, ન્યૂ અંબારગાંવ—ન્યૂ સફાલે અને ન્યૂ સફાલે—ન્યૂ JNPT એમ કુલ ૩૨૬ કિ.મી.ના ત્રણ સેક્શનનું લોકાર્પણ થયું છે. આ સેક્શન પાછળ ૨૦,૭૦૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થયું છે. ખાસ કરીને JNPT સાથે સીધું જોડાણ થતાં આયાત-નિકાસના માલની હેરફેર ઝડપી બનશે અને બંદરો તથા ઔદ્યોગિક કેન્દ્રો વચ્ચે કનેક્ટિવિટી મજબૂત થશે.

WDFC પર માત્ર માલગાડીઓના સંચાલનથી ટ્રેનોની ઝડપ અને સમયપાલનમાં નોંધપાત્ર સુધારો થયો છે. દિલ્હી-NCRથી મુંબઈના JNPT સુધી માલ પહોંચાડવામાં અગાઉ ૩થી ૪ દિવસ લાગતા હતા, જે હવે આશરે ૨૪ કલાકમાં શક્ય બનશે. ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનોની ક્ષમતાને કારણે એક જ ફેરે વધુ માલનું પરિવહન શક્ય બન્યું છે.રેલવેના આંકડા મુજબ ઓગસ્ટ ૨૦૨૬ સુધી કાર્યરત DFC સેક્શન પર આશરે ૫.૨ લાખ માલગાડીઓ દોડી ચૂકી છે, એટલે કે સરેરાશ ૪૩૫ ટ્રેન પ્રતિ દિવસ. અત્યાર સુધી લગભગ ૬૫૮ બિલિયન ગ્રોસ ટન કિ.મી. અને ૩૬૦ બિલિયન નેટ ટન કિ.મી.નું સંચાલન થયું છે.

DFCÚી દિલ્હી-મુંબઈ મુખ્ય રેલ રૂટ પર માલગાડીઓનો ભાર ઘટવાથી પેસેન્જર ટ્રેનો માટે ક્ષમતા વધશે.સાથે જ લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો, ઔદ્યોગિક કોરિડોરને વેગ, રસ્તા પર ટ્રકોનું દબાણ અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો જેવા ફાયદા પણ થશે.

### ૪૦૦૦ સ્ક્રીન મારફતે ૧.૧૫ લાખ લોકો આ ક્ષણના સાક્ષી બન્યા હતા

# માવા આવ્યા કે નહીં ? પિચકારી મારવા પર પીએમ મોદીએ કરી ટકોર

### દેશના પ્રથમ AI આધારિત કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાને સૌરાષ્ટ્રવાસીઓને તમાકુથી મુક્ત થવા અને કાર્યકરોને જનસેવા માટે પ્રેરિત કર્યા

નવસારી, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ નવસારીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે નેશનલ હાઈવે ગ્રીડ નજીક ભારતીય જનતા પાર્ટીના દેશના સૌપ્રથમ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત અત્યાધુનિક કાર્યાલય 'નમો કમલમ'નું લોકાર્પણ કર્યું હતું. આ ઐતિહાસિક કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર જિલ્લામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમ સ્થળે ૫૦૦૦ થી વધુ આગેવાનો અને કાર્યકરો પ્રત્યક્ષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે સમગ્ર જિલ્લામાં ૪૦૦૦ સ્ક્રીન મારફતે ૧.૧૫ લાખ લોકો આ ક્ષણના સાક્ષી બન્યા હતા.

પોતાના સંબોધનમાં વડાપ્રધાને નવસારીમાં વસતા સૌરાષ્ટ્રના લોકોની પાન-મસાલા અને માવા ખાવાની કુટેવ પર કટાક્ષ કરતા માર્મિક ટકોર કરી હતી. તેમણે કહ્યું કે, "અહીં સૌરાષ્ટ્રના ઘણા ભાઈઓ રહે છે, તેમણે નવસારીને માવાની ટેવ આપી છે કે નહીં તે મને ખબર નથી, પરંતુ કેટલાક લોકો 'ભારત માતા કી જય' બોલે છે અને તરત જ પિચકારી મારે છે." પીએમ મોદીએ કેન્સરના નિષ્ણાત તબીબોની ચિંતાનો ઉલ્લેખ કરતા લોકોને માવા અને તમાકુથી મુક્તિ મેળવવા હાકલ કરી હતી. નોંધનીય છે કે, ગુજરાતમાં તમાકુ, ગુટખા અને માવાના વધુ પડતા સેવનને કારણે મોઢાના અને ગળાના કેન્સરના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. મોઢું ન ખૂલવું (OSMF) અને લ્યુકોપ્લેકિયા જેવા કેન્સર પૂર્વેના લક્ષણો યુવાનોમાં પણ જોવા મળી રહ્યા છે, ત્યારે વડાપ્રધાનની આ સ્વાસ્થ્યલક્ષી અપીલ અત્યંત સૂચક છે.

આ ઉપરાંત, પીએમ મોદીએ સરકારની લોકકલ્યાણકારી નીતિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, અગાઉ લારીવાળાઓ ભારે વ્યાજના બોજ હેઠળ દબાયેલા હતા, પરંતુ ભાજપ સરકારે તેમની સાચી ચિંતા કરી છે. તેમણે કહ્યું કે, ભાજપે આપણને સેવાના સંસ્કાર આપ્યા છે; આપણા માટે સમાજ સર્વોપરી છે અને જનતા જનાર્દન એ જ ભગવાનનું સ્વરૂપ છે. વડાપ્રધાને સ્વચ્છતાને માત્ર એક ઝુંબેશ ન રાખતા તેને ઉત્સવ અને રોજિંદા સંસ્કાર બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. આરોગ્ય ક્ષેત્રે વાત કરતા તેમણે જણાવ્યું કે, જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવો એ દરેક માતાના આશીર્વાદ મેળવવા સમાન છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, આધુનિક સારવારના કારણે હવે ૬ મહિનામાં ટીબી (TB) જેવા ગંભીર રોગમાંથી પણ સંપૂર્ણપણે મુક્તિ મેળવી શકાય છે.

નવસારીના વિકાસમાં કાર્યકરોના અથાગ પરિશ્રમની પ્રશંસા કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, અહીંના લોકોએ ભાજપને ખોબલે ખોબલે મત આપીને સી. આર. પાટીલને જંગી લીડથી જિતાડીને આખા હિન્દુસ્તાનમાં એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. પાર્ટીનો નાનામાં નાનો કાર્યકર દિવસ-રાત જનસેવાના કાર્યોમાં મગ્ન રહે છે. સંગઠન અને વ્યવસ્થા બંને માત્ર ને માત્ર સેવા માટે જ સમર્પિત છે. કાર્યક્રમમાં ઘણા જૂના જોગીઓ (કાર્યકરો) ના દર્શન કરવાનો અને તેમને મળવાનો અવસર મળ્યો તેનો આનંદ વ્યક્ત કરતા તેમણે અંતમાં કહ્યું કે, જનતા દ્વારા આવતું પરિવર્તન હંમેશા સ્થાયી હોય છે અને કાર્યકર્તાઓની નિસ્વાર્થ તપસ્યાના કારણે જ આજે પાર્ટીને જનતાના આશીર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે.

### BAPSના પ્રતિનિધિમંડળના પ્રવાસને લઈને વિવાદ

# BAPSના કાર્યક્રમ વચ્ચે એફિલ ટાવર વિવાદમાં સપડાયા

### મહિલા કર્મચારીઓને લઈને થયેલા આરોપો બાદ કર્મચારીઓએ વિરોધ કર્યો અને તપાસ શરૂ થઈ

પેરિસ, તા.૮

પેરિસનો એફિલ ટાવર સોમવારે નક્કી કરેલા સમયે ખુલી શક્યો નહોતો. તેનું કારણ કોઈ ટેક્નિકલ ખામી કે ખરાબ હવામાન નહીં, પરંતુ કર્મચારીઓનો વિરોધ હતો. આ વિવાદ એક દિવસ પહેલાં થયેલા એક ખાનગી પ્રવાસ સાથે જોડાયેલો છે. આરોપ છે કે BAPS સંગઠનના લગભગ ૧૦૦ લોકોના પ્રતિનિધિમંડળના આગમન સમયે કેટલીક મહિલા કર્મચારીઓને તેમના કાર્યસ્થળ પરથી હટવા માટે કહેવામાં આવ્યું હતું, જેથી ત્યાં પુરુષ કર્મચારીઓ હાજર રહી શકે.

આ ઘટના શનિવારે બની હોવાનું કહેવાય છે. આ પ્રતિનિધિમંડળ બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા સાથે જોડાયેલું હતું અને ફ્રાન્સના પેરિસ ઉપનગરમાં નવા હિન્દુ મંદિરના ઉદ્ઘાટન સાથે જોડાયેલા કાર્યક્રમોમાં ભાગ લેવા આવ્યું હતું. યુનિયનના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ, પ્રતિનિધિમંડળના રસ્તામાંથી પસાર થતી વખતે કેટલીક મહિલા કર્મચારીઓને પોતાની જગ્યા છોડવા માટે કહેવામાં આવ્યું અને તેમની જગ્યાએ પુરુષ કર્મચારીઓને રાખવામાં આવ્યા.યુનિયનના પ્રતિનિધિ ડિયાને દાવોઆને જણાવ્યું કે આ ઘટના બાદ કર્મચારીઓમાં નારાજગી વધતી ગઈ. સોમવારે સવારે તેમણે મેનેજમેન્ટ સાથે વાતચીત કરી અને ભવિષ્યમાં આવી સ્થિતિ ફરી ન બને તેવી માંગ સાથે બેઠક કરી. આ જ કારણસર એફિલ ટાવર ખુલવામાં પણ મોડું થયું. તે દરમિયાન ત્યાં લગાવવામાં આવેલી નોટિસમાં માત્ર એટલું જણાવવામાં આવ્યું હતું કે કામગીરી સંબંધિત કારણોસર ટાવર ખુલવામાં વિલંબ થઈ રહ્યો છે.

એફિલ ટાવરનું સંચાલન કરતી સંસ્થા SETEએ આ ઘટનાને લઈને કર્મચારીઓની ફરિયાદોને ગંભીરતાથી લીધી છે. સંસ્થાએ સ્વીકાર્યું કે પ્રતિનિધિમંડળની મુલાકાત એવી રીતે આયોજિત કરવાની વિનંતી કરવામાં આવી હતી, જેથી મહિલા કર્મચારીઓ સાથે વાતચીત અથવા સંપર્ક ઓછામાં ઓછો રહે. SETEએ સ્વીકાર્યું કે આવી શરતો સ્વીકારવી જોઈતી ન હતી અને મામલાની તપાસ કરવાની વાત કરી છે. મેનેજમેન્ટે કર્મચારીઓની માફી પણ માંગી છે.આ વિવાદ બાદ મામલો માત્ર એફિલ ટાવર સુધી સીમિત રહ્યો નથી. પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઆરે તપાસના આદેશ આપ્યા છે. તેમણે કહ્યું કે કર્મચારીઓની નારાજગી યોગ્ય છે અને કોઈપણ સ્થિતિમાં લિંગ આધારિત ભેદભાવ સ્વીકારી શકાય નહીં. તેમનું કહેવું છે કે મહિલા અને પુરુષ બંનેને કોઈપણ ભેદભાવ વગર કામ કરવાનો અને જાહેર સ્થળોએ સ્વતંત્ર રીતે આવવા-જવાનો અધિકાર છે. ફ્રાન્સની નેશનલ એસેમ્બલીની અધ્યક્ષ યાએલ બ્રોન-પિવેએ પણ આ ઘટનાને લઈને કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે વિદેશી મહેમાનોની યજમાની કરવાનો અર્થ એવો ન હોઈ શકે કે ફ્રાન્સ પોતાના મૂલ્યો સાથે સમાધાન કરે. તેમના અનુસાર, ફ્રાન્સના જાહેર જીવનમાં મહિલાઓને અલગ કરવાની કોઈ જગ્યા નથી.

BAPSએ આ વિવાદ અંગે ખેદ વ્યક્ત કર્યો છે. સંગઠને કહ્યું કે પ્રવાસનું આયોજન એફિલ ટાવરના મેનેજમેન્ટ સાથે મળીને કરવામાં આવ્યું હતું, જેથી સામાન્ય પ્રવાસીઓને ઓછામાં ઓછી મુશ્કેલી પડે. સંગઠને એમ પણ કહ્યું કે તેને એવી કોઈ ઘટનાની જાણ નહોતી જેમાં કોઈ મુલાકાતીને ટાવરમાં પ્રવેશતા રોકવામાં આવ્યો હોય. સાથે જ તેણે કહ્યું કે તે ઉઠાવવામાં આવેલી ચિંતાઓને ગંભીરતાથી લે છે અને પરસ્પર સન્માનના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છે.

આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે પેરિસ નજીક BAPSના નવા હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉદ્ઘાટન સમયે કહ્યું હતું કે, આ મંદિર ભારતની પ્રાચીન માન્યતાઓ અને માનવીય મૂલ્યોને ફ્રાન્સ સુધી પહોંચાડવાની સાથે બંને દેશોના સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવશે.

### વિદ્યાર્થીને ગ્રેટર નોઈડા પોલીસે નોટિસ જાહેર કરી છે

# એક વિદ્યાર્થીને CJP પ્રોટેસ્ટમાં સામેલ થવા બદલ પોલીસે ફટકાર્યો ૫ લાખનો દંડ

### કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા બદલ પોલીસ તરફથી વિદ્યાર્થીને નોટિસ જાહેર કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૮

જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા ગયેલા ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના વિદ્યાર્થીને નોટિસ જાહેર કરવામાં આવી છે. સાથે જ વિદ્યાર્થીને દંડ તરીકે ૫ લાખ રૂપિયા જમા કરાવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. જંતર-મંતર પર થયેલા CJPના વિરોધ પ્રદર્શનમાં સામેલ થયેલા ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને ગ્રેટર નોઈડા પોલીસે નોટિસ જાહેર કરી છે. વિદ્યાર્થી પર પ્રદર્શન દરમિયાન હિંસા ભડકાવવાનો અને અન્ય વિદ્યાર્થીઓને સરકાર વિરુદ્ધ એકઠા કરવાનો આરોપ પણ લગાવવામાં આવ્યો છે. નોઈડા પોલીસ તરફથી ૪ સપ્ટેમ્બરે ઈકોટેક-૧ પોલીસ સ્ટેશનના SI મારફતે વિદ્યાર્થીને નોટિસ મોકલવામાં આવી હતી.

નોટિસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૧૩૦ હેઠળ જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થી વિરુદ્ધ શાંતિ ભંગ સંબંધિત જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ACP કોર્ટ દ્વારા વિદ્યાર્થીને ૫ લાખ રૂપિયાની રકમ જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. મામલામાં વિદ્યાર્થીને નોટિસનો જવાબ આપવા અને પ્રક્રિયા હેઠળ પોતાનો પક્ષ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. વિદ્યાર્થીનું નામ અક્ષત ત્રિપાઠી છે, જે SFI ઉત્તર પ્રદેશ રાજ્ય સમિતિના સભ્ય પણ છે. અક્ષત ત્રિપાઠીને જંતર-મંતર પર થયેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ થવાના કારણે ગ્રેટર નોઈડાના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરફથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૧૩૦ હેઠળ નોટિસ મળી છે.

નોટિસ અનુસાર ત્રિપાઠી પર વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓને સરકાર વિરુદ્ધ ભડકાવવા અને એકઠા કરવાનો આરોપ છે. આ નોટિસ ઈકોટેક-૧ પોલીસ સ્ટેશનના એક સબ-ઈન્સ્પેક્ટરના અહેવાલના આધારે ૪ સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવી હતી.

જોકે અક્ષત ત્રિપાઠીએ આ આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે તેમણે શાંતિપૂર્ણ રીતે પ્રદર્શનમાં ભાગ લીધો હતો. તેમણે એવો પણ દાવો કર્યો કે તે સમયે તેઓ યુનિવર્સિટીના વર્ગમાં હાજરી આપી રહ્યા ન હતા. કારણ કે સંસ્થા લગભગ ૩ મહિનાથી બંધ હતી. ત્રિપાઠીએ વધુમાં કહ્યું કે ૨૦ જુલાઈએ સંસદ તરફ કૂચ દરમિયાન તેઓ ઘાયલ થયા હતા અને આરોપ લગાવ્યો કે પ્રદર્શનકારીઓ વિરુદ્ધ દિલ્હી પોલીસની કાર્યવાહીના કારણે તેમને ઈજા થઈ હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### નાના વેપારીઓ માટે મહત્વની સૂચના

# ૧૫ સપ્ટેમ્બર સુધી રી-કેવાયસી પૂર્ણ કરો, નહીંતર બંધ થઈ શકે છે દુકાનોના QR કોડ

### ગ્રાહકોને રોકડથી ચૂકવણી કરવી પડી શકે છે અથવા અન્ય પેમેન્ટ વિકલ્પોનો ઉપયોગ કરવો પડી શકે છે

નવી દિલ્હી, તા.૮

દેશમાં યુપીઆઈ પેમેન્ટ રોજિંદા જીવનનો અભિન્ન હિસ્સો બની ચૂક્યું છે. શાકભાજીની લારીથી લઈને દૂધની દુકાન અને ચાની કિટલી સુધી, આજે મોટાભાગના વેપારીઓ ગ્રાહકો પાસેથી ક્યૂઆર કોડ મારફતે ડિજિટલ પેમેન્ટ સ્વીકારે છે. જોકે, હવે રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા (RBI)ના નિયમોને કારણે લાખો વેપારીઓ માટે રી-કેવાયસી પ્રક્રિયા મહત્વપૂર્ણ બની છે. વેપારીઓએ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. સમયસર પ્રક્રિયા પૂર્ણ નહીં થાય તો તેમના ક્યૂઆર કોડ આધારિત પેમેન્ટમાં અવરોધ આવી શકે છે.RBI ના નિયમો અનુસાર, બેંકિંગ અને પેમેન્ટ વ્યવસ્થામાં વેપારીઓની કેવાયસી માહિતી સમયાંતરે અપડેટ કરવી જરૂરી છે. રી-કેવાયસીનો હેતુ વેપારીની ઓળખ અને વ્યવસાય સંબંધિત વિગતોની પુષ્ટિ કરવાનો છે. આ પ્રક્રિયા સામાન્ય રીતે સંબંધિત બેંક અથવા પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા કરવામાં આવે છે.વેપારીઓએ પોતાની કેવાયસીની સ્થિતિ તપાસવી જોઈએ અને જો રી-કેવાયસી બાકી હોય તો જરૂરી દસ્તાવેજો સાથે પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ. જોકે, ક્યૂઆર કોડ બંધ થવાની ચોક્કસ કાર્યવાહી અને સમયમર્યાદા સંબંધિત બેંક અથવા પેમેન્ટ પ્રોવાઈડરની સૂચનાઓ પર આધારિત હોઈ શકે છે.આ નિયમની સૌથી વધુ અસર નાના દુકાનદારો, રેહડી-પટરીવાળા વેપારીઓ અને રોજિંદા વ્યવસાય કરતા લોકો પર પડી શકે છે. આવા વેપારીઓ માટે ક્યૂઆર કોડ ડિજિટલ પેમેન્ટ સ્વીકારવાનું સરળ અને સસ્તું માધ્યમ છે. જો ક્યૂઆર કોડ કામ કરવાનું બંધ કરે, તો ગ્રાહકોને રોકડથી ચૂકવણી કરવી પડી શકે છે અથવા અન્ય પેમેન્ટ વિકલ્પોનો ઉપયોગ કરવો પડી શકે છે.ઘણા ગ્રાહકો હવે રોજિંદા ખર્ચ માટે રોકડ રાખવાનું ટાળે છે. આવી સ્થિતિમાં ચા, દૂધ, શાકભાજી અને અન્ય નાની ખરીદી માટે પણ મુશ્કેલી ઊભી થઈ શકે છે. તેથી વેપારીઓએ છેલ્લી ઘડી સુધી રાહ જોવાને બદલે સમયસર પોતાની રી-કેવાયસી સ્થિતિ તપાસવી જોઈએ.રી-કેવાયસી પૂર્ણ ન થવાથી પેમેન્ટ સુવિધા પર અસર થઈ શકે છે, પરંતુ તેનો અર્થ કાયમી ધોરણે ક્યૂઆર કોડ બંધ થઈ જવો એવો નથી. સામાન્ય રીતે જરૂરી સત્યાપન પૂર્ણ થયા બાદ પેમેન્ટ સુવિધા ફરી સક્રિય થઈ શકે છે. જોકે, ચોક્કસ પ્રક્રિયા અને પુનઃસક્રિયકરણનો સમય સંબંધિત બેંક અથવા પેમેન્ટ પ્રોવાઈડર નક્કી કરે છે.વેપારીઓએ પોતાની બેંક અથવા પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડરનો સંપર્ક કરીને રી-કેવાયસી બાકી છે કે નહીં તે તપાસવું જોઈએ. જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા અને સત્તાવાર માધ્યમથી પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે. ગ્રાહકોએ પણ પેમેન્ટમાં અવરોધ આવે તો વેપારી પાસેથી અન્ય સત્તાવાર પેમેન્ટ વિકલ્પ વિશે માહિતી લેવી જોઈએ.ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થામાં વિશ્વાસ અને સતત સેવા જાળવવા માટે રી-કેવાયસી જરૂરી છે. વેપારીઓએ સમયમર્યાદા પહેલાં પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ, જ્યારે પેમેન્ટ પ્રોવાઈડર્સે નાના વેપારીઓને સરળ માર્ગદર્શન અને સમયસર સહાય પૂરી પાડવી જરૂરી છે.

### મેરઠની એક ચોંકાવનારી ઘટના સામે આવી

# સ્કૂલમાં ૧૩ વર્ષના બાળકનું હાર્ટ-એટેકથી મોત થયું

### પોલીસના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીના પરિવારજનોએ કોઈ ફરિયાદ આપવાનો ઈનકાર કર્યો છે

લખનૌ, તા.૮

ઉત્તર પ્રદેશમાં મેરઠના મવાના સ્થિત બસંત વેલી પબ્લિક સ્કૂલમાં ધોરણ ૭માં ભણતા ૧૩ વર્ષના વિદ્યાર્થી કુણાલ શર્માનો મૃતદેહ સ્કૂલના વોશરૂમમાં મળ્યો હતો. રજા બાદ ઈ-રિક્ષા ચાલકે તેને શોધ્યો ત્યારે તે ત્યાં બેભાન હાલતમાં પડ્યો હતો. સ્કૂલ મેનેજમેન્ટ અને પરિવારજનો તેને ડૉક્ટર પાસે લઈ ગયા હતા, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પ્રાથમિક રીતે હાર્ટ-એટેકના કારણે મોત થયું હોવાની આશંકા છે. જોકે મોતનું ચોક્કસ કારણ હજુ સંપૂર્ણપણે સ્પષ્ટ થયું નથી. પરિવારજનોએ પોલીસ કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો છે.

આ મામલો મેરઠના મવાના પોલીસ સ્ટેશન વિસ્તાર સ્થિત બસંત વેલી પબ્લિક સ્કૂલનો છે. સોમવારે રોજની જેમ સ્કૂલમાં અભ્યાસ ચાલી રહ્યો હતો. ધોરણ ૭માં ભણતો ૧૩ વર્ષનો કુણાલ શર્મા પણ સવારે સ્કૂલ પહોંચ્યો હતો. કુણાલ મવાના વિસ્તારના કાબિલી ગેટ, કલાવડા રોડના રહેવાસી ધર્મેન્દ્ર શર્માનો પુત્ર હતો. પરિવારજનોના જણાવ્યા અનુસાર તે રોજની જેમ સોમવારે પણ સ્કૂલ ગયો હતો. સ્કૂલનો ટાઈમ પુરો થયા બાદ તેને ઈ-રિક્ષાથી ઘરે પરત ફરવાનું હતું. જણાવવામાં આવ્યું છે કે, સ્કૂલ છૂટ્યા બાદ ઈ-રિક્ષા ચાલક અન્ય બાળકો સાથે કુણાલની પણ રાહ જોઈ રહ્યો હતો. બાળકો બહાર આવતા ગયા, પરંતુ ઘણો સમય વીત્યો છતાં કુણાલ સ્કૂલની બહાર ન આવ્યો. શરૂઆતમાં ચાલકને લાગ્યું કે કદાચ બાળક કોઈ કામથી સ્કૂલમાં રોકાઈ ગયો હશે. લગભગ ૧૫ મિનિટ રાહ જોયા બાદ તેણે પોતે સ્કૂલની અંદર જઈને કુણાલની શોધખોળ હાથ ધરી હતી.સ્કૂલ પરિસરમાં શોધખોળ દરમિયાન ઈ-રિક્ષા ચાલકની નજર વોશરૂમ તરફ ગઈ હતી. ત્યાં કુણાલ બેભાન હાલતમાં પડેલો મળ્યો હતો. બાળકને આવી હાલતમાં જોઈને સ્કૂલમાં અફરાતફરી મચી ગઈ હતી.શિક્ષકોને તેની જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્કૂલ મેનેજમેન્ટ અને પરિવારજનો બાળકને તાત્કાલિક ડૉક્ટર પાસે લઈ ગયા હતા. તપાસ કર્યા બાદ ડૉક્ટરોએ કુણાલને મૃત જાહેર કર્યો હતો. ૧૩ વર્ષના બાળકના મોતના સમાચાર પરિવારજનોને મળતાં જ ત્યાં ચીસાચીસ મચી ગઈ હતી. થોડા જ સમયમાં આસપાસના લોકો પણ પરિવારને સાંત્વના આપવા પહોંચવા લાગ્યા હતા.કુણાલનું મોત એટલું અચાનક થયું કે પરિવાર અને આસપાસના લોકો પણ સ્તબ્ધ છે. બાળક સ્કૂલ ગયો હતો, પરંતુ સ્કૂલ છૂટ્યા બાદ તેનો મૃતદેહ સ્કૂલના વોશરૂમમાં મળી આવ્યો હતો. આવી સ્થિતિમાં તેના મોતને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. પ્રાથમિક રીતે હાર્ટ-એટેકની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાને લઈને પરિવાર તરફથી હાલમાં કોઈ ફરિયાદ આપવામાં આવી નથી. પરિવારજનોએ પોલીસ કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો છે.મવાના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પંકજ લવાનિયાના જણાવ્યા અનુસાર, મવાના નિવાસી કુણાલ શર્મા, ધર્મેન્દ્ર શર્માનો પુત્ર હતો અને મવાના વેલી પબ્લિક સ્કૂલમાં ધોરણ ૭માં ભણતો હતો. સ્કૂલમાં અચાનક હાર્ટ બીટની ગતિ બંધ થવાથી તેનું મોત થયું હોવાની માહિતી મળી છે. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અનુસાર સ્કૂલ પ્રશાસન અને પરિવારજનો બાળકને તાત્કાલિક ડૉક્ટર પાસે લઈ ગયા હતા, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસ તરફથી જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીના પરિવારજનોએ કોઈ ફરિયાદ આપવાનો ઈનકાર કર્યો છે. આવી સ્થિતિમાં હાલમાં આ મામલે કોઈ ગુનાહિત ઘટનાની પુષ્ટિ થઈ નથી. એક તરફ પરિવાર પોતાના ૧૩ વર્ષના પુત્રના અચાનક મોતથી આઘાતમાં છે, તો બીજી તરફ સ્કૂલના વોશરૂમમાં વિદ્યાર્થી બેભાન હાલતમાં મળી આવવાની ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે. હવે મોતનું વાસ્તવિક કારણ શું હતું, તે તબીબી તપાસ અને પોલીસની કાર્યવાહી બાદ જ સ્પષ્ટ થશે.

### FBI પર પુરાવા દબાવવાના આરોપ

# ૯/૧૧ હુમલાના ૨૫ વર્ષ પછી મોટો ઘટસ્ફોટઃ શંકાસ્પદ ઓમર અલ-બાયોમીનું સાઉદી કનેક્શન ખુલ્યું

### હુમલા બાદ બર્મિંગહામ શિફ્ટ થઈ ગયેલા બાયોમીની મેટ્રોપોલિટન પોલીસે ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ધરપકડ કરી હતી

નવી દિલ્હી, તા.૮

અમેરિકા પર 11 સપ્ટેમ્બર 2001ના રોજ થયેલા ભીષણ આતંકવાદી હુમલાને 25 વર્ષ વીતી ચૂક્યા છે, પરંતુ તે કાવતરાના એવા રહસ્યો હવે સામે આવી રહ્યા છે જેણે સમગ્ર તપાસ એજન્સીઓની કામગીરી પર સવાલો ઉભા કર્યા છે. બીબીસીની એક વિશેષ તપાસમાં સામે આવેલા અગાઉ ક્યારેય ન જોવાયેલા વીડિયો ફૂટેજ દર્શાવે છે કે 9/11 હુમલાખોરો સાથે જોડાયેલો શંકાસ્પદ ઓમર અલ-બાયોમી સાઉદી સરકારના અધિકારીઓ સાથે ગાઢ સંપર્કમાં હતો અને તે અલ-કાયદાના ભાવી લીડર અનવર અલ-અવલાકી સાથે પેઈન્ટબોલ રમતો પણ જોવા મળ્યો હતો.આ ફૂટેજ, જે 2001ના હુમલાના ગણતરીના દિવસોમાં જ FBIના હાથમાં આવી ગયા હતા, તે હવે 9/11ના પીડિત પરિવારો દ્વારા સાઉદી અરેબિયા સામે કરવામાં આવેલા 1 ટ્રિલિયન ડોલરના દાવાના પુરાવા તરીકે સાર્વજનિક થયા છે. પીડિત પરિવારોનો આક્ષેપ છે કે બાયોમીએ હુમલો કરનારા 19 હાઈજેકર્સમાંથી બેને સીધી મદદ પહોંચાડી હતી. બીજી તરફ, સાઉદી અરેબિયાએ કોઈપણ પ્રકારની સંડોવણીનો સતત ઈનકાર કર્યો છે.ઓમર અલ-બાયોમી 1994માં સાઉદી અરેબિયાથી અંગ્રેજીનો અભ્યાસ કરવાના બહાને સાન ડિએગો આવ્યો હતો. જોકે, કોર્ટના દસ્તાવેજો સ્પષ્ટ કરે છે કે તેણે અભ્યાસ પડતો મૂકીને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવાનું શરૂ કરી દીધું હતું.અહેવાલ મુજબ, 1997 અથવા 1998ની શરૂઆતમાં શૂટ થયેલા ફૂટેજમાં બાયોમી, અવલાકી અને અન્ય લોકો મિલિટરી અંદાજમાં પેઈન્ટબોલની લડાઈ લડતા જોવા મળે છે. કેટલાકે લશ્કરી ડ્રેસ પહેર્યા હતા અને યુદ્ધના મેદાનની જેમ આગળ વધતી વખતે “અલ્લાહુ અકબર”ના નારા લગાવી રહ્યા હતા. 9/11 હુમલા પછી બાયોમીની તપાસ કરી રહેલા FBI એજન્ટોને બાતમી મળી હતી કે કેટલાક સહભાગીઓ આ સત્રોનો ઉપયોગ ‘જેહાદની તાલીમ‘ માટે કરતા હતા. અવલાકીની આતંકવાદી પ્રવૃત્તિઓ વ્યાપક સ્તરે જાહેર થઈ તે પહેલાંથી જ તે અલ-કાયદા સાથે સંપર્કમાં હતો. અન્ય એક ક્લિપમાં જાન્યુઆરી 1998માં બાયોમી અને અવલાકી ગળે મળતા દેખાય છે,

જ્યારે બાકીના વીડિયોમાં તે સાઉદી મંત્રાલયના ધાર્મિક અધિકારીઓ સાથે બેઠકો કરતો જોવા મળે છે.બાયોમી વર્ષો સુધી એવો બચાવ કરતો રહ્યો હતો કે તે કોઈ આતંકવાદી કે સાઉદી જાસૂસ નથી. પરંતુ આ પુરાવા દર્શાવે છે કે હુમલા પહેલાં તે અલ-કાયદાના વડાઓ અને સાઉદી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં હતો.પેન્ટાગોન પર હુમલો કરનારા બે હાઈજેકર્સ—નવાફ અલ-હઝમી અને ખાલિદ અલ-મિહધારના એપાર્ટમેન્ટ રેન્ટલ એગ્રીમેન્ટ પર બાયોમીનું નામ સામે આવ્યા બાદ તે શરૂઆતથી જ FBIની રડારમાં હતો.હુમલા બાદ બર્મિંગહામ શિફ્ટ થઈ ગયેલા બાયોમીની મેટ્રોપોલિટન પોલીસે 21 સપ્ટેમ્બર 2001ના રોજ ધરપકડ કરી હતી. તેના મકાનની તલાશી દરમિયાન હજારો દસ્તાવેજો, તસવીરો અને ઓછામાં ઓછી 80 વિડીયો ટેપ મળી આવી હતી. આ સામગ્રીમાંથી એક નોટબુકનું પાનું મળ્યું હતું, જેમાં એક વિમાનનું ડ્રોઈંગ દોરેલું હતું અને ટાર્ગેટથી તેની ઊંચાઈ તેમજ અંતર સંબંધિત ગાણિતિક ગણતરીઓ લખેલી હતી.આ રેખાચિત્રની નકલો લંડનમાં હાજર FBI એજન્ટો સુધી પહોંચી હતી, પરંતુ બાયોમીની પૂછપરછ કરી રહેલા બ્રિટિશ ડિટેક્ટિવ્સને તેની જાણ સુધ્ધાં કરવામાં આવી નહોતી. એટલું જ નહીં, આ પુરાવા સાન ડિએગોના FBI તપાસકર્તાઓ કે 9/11 કમિશન સાથે પણ શેર કરવામાં આવ્યા નહોતા. પાછળથી એક ફેડરલ જજે સ્પષ્ટ નોંધ્યું હતું કે આ દસ્તાવેજ પ્રાથમિક દ્રષ્ટિએ જ પુરવાર કરે છે કે બાયોમી 9/11 હુમલાની પૂર્વ જાણકારી ધરાવતો હતો.

### મુખ્ય સૂત્રધાર સપ્લાયર અને માસ્ટર માઈન્ડ સહિત ૩૮ જેલ હવાલે

# ભાવનગર લઠ્ઠાકાંડ, દિલ્હીથી બોગસ બિલ્ટી બનાવનાર મુખ્ય શખ્સ ગિરફ્તાર

**ઝેરી મિથેનોલ કેમિકલ માટે થિનરનું બોગસ બિલ બનાવનાર પોલીસ શિકંજામાં, લઠ્ઠાકાંડમાં અત્યાર સુધી કુલ ૪૦ આરોપીઓની ધરપકડ**

ભાવનગર, તા.૮

સંસ્કારી નગરી ભાવનગરને ઝેરી લઠ્ઠાના દાવાનળે હચમચાવી મૂકી છે. આ મરણતોલ કાંડમાં ૧૩ માસુમોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે, જયારે ૭૦થી વધુ કમનસીબ લોકો આ ઝેરી રસાયણની ઝપટે ચડી હોસ્પિટલના ખાટલે જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાવા મજબૂર બન્યા હતા. એસએમસીએ દિલ્હી ખાતેથી જીત કેમિકલ નામની કંપની ચલાવતા મુખ્ય સપ્લાયર મનજીતસિંઘની ધરપકડ કરી છે.જ્યારે ૧૦ શખ્સના રિમાન્ડ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યા છે.ભાવનગરમાં ગત ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સર્જાયેલા ચર્ચસ્પદ લઠ્ઠાકાંડના મોતના ગુનામાં સ્ટેટ મોનિટરિંગ સેલને મોટી સફળતા સાંપડી છે. કેમિકલયુક્ત ઝેરી દારૂ બનાવવા માટે દિલ્હીથી મિથેનોલ સપ્લાય કરવાના અને તેની બોગસ બિલ્ટી બનાવવાના કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય મનજીત સિંહ સૈનીની દિલ્હી ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. આ સાથે જ આ ચકચારી લઠ્ઠાકાંડમાં ધરપકડ કરાયેલા કુલ આરોપીઓનો આંકડો ૪૦ પર પહોંચ્યો છે.રાજ્યના પોલીસ મહાનિદેશક જી. એસ. મલિકની સૂચનાથી આ ગંભીર ગુનાની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એમ. જાડેજા ચલાવી રહ્યા છે. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, ઝેરી દારૂ બનાવવા માટે વપરાયેલું અતિ જોખમી કેમિકલ ‘મિથેનોલ’ દિલ્હીથી મંગાવવામાં આવ્યું હતું. આ મિથેનોલને કાયદેસર દર્શાવવા માટે દિલ્હીના મુંડકા ગામ ખાતે રહેતા ૪૩ વર્ષીય મનજીત સિંહ ક્રીશનચંદ્ર સૈની નામના શખ્સે ‘થિનરદ તરીકેની ખોટી બિલ્ટી અને બિલ બનાવ્યા હતા. એસ.એમ.સી.ની ટીમે દિલ્હીમાં દરોડો પાડી મનજીત સિંહની અટકાયત કરી છે અને કોર્ટમાંથી તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા છે. એસ.એમ.સી. દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન તપાસમાં અત્યાર સુધીમાં ૩૯ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી, જેમાંથી ૩૮ આરોપીઓ હાલ જ્યુડિશિયલ કસ્ટડી (જેલ)માં છે જયારે ૧ આરોપી રિમાન્ડ હેઠળ હતો. દિલ્હીથી મનજીત સિંહની ધરપકડ થતાં જ આ ગુનામાં જેલભેગા થયેલા કુલ આરોપીઓની સંખ્યા ૪૦ થઈ ગઈ છે. રિમાન્ડ દરમિયાન પૂછપરછમાં વધુ ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા છે.

### એફિલ ટાવર બંધ કરવો પડ્યો

# પેરિસમાં BAPSના કાર્યક્રમ બાદ વિવાદ મહિલા સ્ટાફને હટાવાતા ભારે વિરોધ

**પેરિસના મેયર ઇમેન્યુઅલ ગ્રેગોઇરે એફિલ ટાવર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન પાછળના આરોપોની તપાસના આદેશ આપી દીધા**

પેરીસ, તા.૮

વિશ્વની સૌથી જાણીતી ધરોહરોમાં સામેલ ફ્રાન્સના પેરિસ સ્થિત એફિલ ટાવર પર અચાનક વિરોધ પ્રદર્શન શરૂ થતાં તેને અસ્થાયી રૂપે બંધ રાખવાની ફરજ પડી હતી. શનિવારે હિન્દુ ધાર્મિક સંગઠન BAPS સાથે જોડાયેલા આશરે 100 લોકોના પ્રતિનિધિમંડળની ખાનગી મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને તેમના કામના સ્થળેથી હટાવી દેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો બાદ પગલે સ્ટાફમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે હવે ફ્રાન્સના નેતાઓ પણ મેદાને આવ્યા છે.યુનિયનના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, જ્યારે BAPSના સંતો તથા કાર્યકરો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મહિલા કર્મચારીઓને તેમની ફરજના સ્થળેથી હટી જવાનું કહેવામાં આવ્યું હતું, જેથી તેમની જગ્યાએ પુરુષ કર્મચારીઓ ફરજ બજાવી શકે.સ્ટાફના ભારે વિરોધના કારણે થોડો સમય માટે બંધ રહ્યો એફિલ ટાવરયુનિયનના પ્રતિનિધિ ડિયાન ડેવોઇન એ ન્યૂઝ એજન્સી રોઈટર્સ સાથે વાતચીતમાં આરોપ લગાવ્યો કે, જ્યારે પ્રતિનિધિમંડળ પસાર થઈ રહ્યું હતું, ત્યારે મહિલાઓને તેમના વર્કસ્ટેશન છોડવા માટે કહેવામાં આવ્યું હતું જેથી પુરુષો તેમની જગ્યા લઈ શકે. સપ્તાહના અંતે કર્મચારીઓ વચ્ચે તણાવ વધતો ગયો, જેના કારણે સોમવારે સવારે કર્મચારીઓએ એક બેઠક બોલાવવાનો નિર્ણય લીધો હતો.કર્મચારીઓની આ બેઠકને કારણે એફિલ ટાવર સામાન્ય સમય કરતાં મોડો ખુલ્યો હતો. ટાવરના ગેટ પર બોર્ડ લગાવી દેવામાં આવ્યું હતું કે, ઓપરેશનલ કારણોસર એફિલ ટાવર ખુલવામાં વિલંબ થયો છે. ડેવોઇને જણાવ્યું હતું કે આ મામલે મેનેજમેન્ટે સ્ટાફની માફી માંગી લીધી છે.બીજી તરફ, BAPS દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સામાન્ય પ્રવાસીઓને કોઈ તકલીફ ન પડે અને મુલાકાતીઓની અવરજવર સામાન્ય રહે તે હેતુથી આ મુલાકાતનું આયોજન એફિલ ટાવરના મેનેજમેન્ટ સાથે સંકલન સાધીને કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન કોઈપણ અન્ય પ્રવાસીને પ્રવેશ નકારવામાં આવ્યો હોય તેવી કોઈ ઘટના અમારા ધ્યાને આવી નથી. તેમ છતાં, આ પરિસ્થિતિને કારણે જેમને પણ દુઃખ થયું હોય કે અસુવિધા થઈ હોય તે તમામે તમામની અમે માફી માંગીએ છીએ. અમે પરસ્પર આદર અને સેવાના સિદ્ધાંતો પ્રત્યે કટિબદ્ધ છીએ અને આ ઘટના અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓને અત્યંત ગંભીરતાથી લઈએ છીએ.પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઈરે એફિલ ટાવર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન પાછળના આરોપોની તપાસના આદેશ આપી દીધા છે. તેમણે જણાવ્યું હતું કે કામદારોની ચિંતાઓ સંપૂર્ણપણે વ્યાજબી છે અને તેના પર તાત્કાલિક ધ્યાન આપવું જરૂરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લિંગના ભેદભાવ વિના દરેક વ્યક્તિ મુક્તપણે કામ કરવા અને હરવા-ફરવા માટે સક્ષમ હોવી જોઈએ. પેરિસમાં દરેક જગ્યાએ, જેમાં તેના સૌથી આઈકોનિક સ્થળો પણ સામેલ છે, સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા જળવાવી જ જોઈએ.એફિલ ટાવરનું સંચાલન કરતી કંપની SETE એ કહ્યું હતું કે, BAPSએ “મહિલાઓ સાથેની ક્રિયાપ્રતિક્રિયા મર્યાદિત રહે” તે રીતે મુલાકાત ગોઠવવાની વિનંતી કરી હતી.

# અમરેલી કલેકટર કચેરીમાં ૧૧ માસના કરાર આધારિત કાયદા સલાહકારની આવશ્યકતા

અમરેલી, તા. ૮

અમરેલી કલેકટર કચેરી ખાતે કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારિત ૦૧ જગ્યા માટે લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારનીઆવશ્યકતા છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં અરજીઓ કરવાની રહે છે. આ અરજીમાં ઉમેદવારનું નામ, જન્મ તારીખ, રહેણાંકનું સ્થળ (કાયમી/હંગામી), શૈક્ષણિક લાયકાત, અનુભવી વિગતો દર્શાવી અરજી કરવાની રહેશે. અરજદારની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

ઉમેદવારને કાયદાની (એલ.એલ.બી) ડીગ્રી અથવા કેન્દ્ર/રાજય સરકારનાં કાયદા દ્વારા સ્થપાયેલ માન્ય યુનિવર્સિટી દ્વારા એચ.એસ.સી. બાદ પાંચ વર્ષનો અભ્યાસક્રમ પાસ કર્યો હોવાની કાયદાની ડીગ્રી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ–૧૯૫૬ની કલમ–૩ દ્વારા સ્થાપવામાં આવેલી યુનિવર્સિટી ખાતે કાયદાની ડીગ્રી મેળવી હોય તે જરૂરી છે. આ ઉપરાંત ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો) –૧૯૬૭માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર ઉપયોગનું પાયાનું જ્ઞાન. ગુજરાતી અને /અથવા હિન્દી ભાષાનુ પૂરતું જ્ઞાન હોવું આવશ્યક છે.

ઉમેદવાર હાઈકોર્ટ અથવા હાઈકોર્ટની તાબા હેઠળની કોર્ટમાં પ્રેક્ટીસ કરતા એડવોકેટ, એટર્ની અથવા સરકારી વકીલ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થા અથવા સરકાર કે તેની હસ્તકનાં બોર્ડ/નિગમ અથવા કંપની કાયદા હેઠળ સ્થપાયેલ કંપનીમાં કાયદાકીય બાબતોનો પાંચ વર્ષનો અનુભવી હોવાં જરૂરી છે.

ઉક્ત અનુભવ અંગેના પ્રમાણપત્ર ઉમેદવારે જો હાઈકોર્ટમાં પ્રેકિટસ કરેલી હોય, તો રજીસ્ટ્રાર અથવા જો ઉમેદવાર હાઈકોર્ટની તાબા હેઠળની કોર્ટમાં પ્રેકિટસ કરતા હોય તો પ્રિન્સિપાલ જયુડીશિયલ ઓફિસર અથવા સબંધિત જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજ કે સીટી સિવિલ કોર્ટના પ્રિન્સિપાલ જજ અથવા કંપની કાયદા/કંપની સરકાર હસ્તકનાં નિગમ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાના કચેરીનાં વડા દ્વારા પ્રમાણિત કરેલા હોવા જોઇએ. ઉમેદવાર ગુજરાતીમાં બોલી, વાંચી અને લખી શકે તે અંગેનુ જ્ઞાન તથા ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં સરળતાથી ભાષાંતર કરી શકે તે મુજબનુ જ્ઞાન હોવુ જોઈએ. આ જ્ઞાન હોવા અંગેનુ ઉપર મુજબના અધિકારીઓ દ્વારા ઈશ્યુ કરેલ પ્રમાણપત્ર બિડવાનુ રહેશે.

પસંદ થનાર ઉમેદવારને માસિક રૂ.૬૦,૦૦૦/–(અંકે રૂપીયા સાઈઠ હજાર પુરા) ફિકસ. આ સિવાયની અન્ય બોલીઓ, શરતો, બજાવવાની સામાન્ય ફરજો અને જવાબદારીની વિગતો જિલ્લા કલેકટરની કચેરીના નોટીસ બોર્ડ અથવા મહેકમ શાખામાં કચેરી સમય દરમિયાન રૂબરૂ જોઈ શકાશે. સબંધિત ઉમેદવારોને જયારે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે અસલ ડોકયુમેન્ટ સાથે લાવવાનાં રહેશે અને સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનુ રહેશે.આ ભરતી બાબતે જરૂર જણાય લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે. આ ભરતી માટે અધુરૂ વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ લેવામાં આવશે નહીં તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જુલાઈમાં ખાંડના ભાવ રૂ. ૪૭ હતો, અત્યારે ૬૨ થયો

# ખાંડના ભાવ વધતા તહેવારો પહેલાં મીઠાઈઓ મોંઘી થવાની આશંકા

**છેલ્લાં સાત વર્ષથી ખાંડની કિંમત નિયંત્રણમાં હોવા છતાં ચોકલેટ્સ અને મીઠાઈઓના ભાવમાં ૫.૫ ટકાની વૃદ્ધિ થઈ હતી**

નવી દિલ્હી, તા.૮

ખાંડ અને ગોળના ભાવમાં ૨.૭ ટકાના દરે છેલ્લાં ત્રણ-ચાર મહિનામાં વધારો થતાં મીઠાઈઓ, ચોકલેટ્સ સહિત ખાંડ-ગોળમાંથી બનતી પ્રોડક્ટ્સ મોંઘી થઈ ગઈ છે. ગણેશ ચતુર્થીના લાડુથી લઈને નવરાત્રિ અને દિવાળીની મીઠાઈઓ મોંઘી પડશે. તહેવારો પહેલાં દેશમાં મીઠાઈઓના ભાવમાં ૬-૭ ટકાનો વધારો ઝીંકાય તેવી શકયતા છે. મીઠાઈ, ચોકલેટ્સ, બિસ્કિટ જેવી પ્રોડક્ટ આગામી મહિનાઓમાં મોંઘી થઈ જાય તેવી ભીતિ છે. ખાંડના ભાવ વધતાં સરવાળે લોકોના તહેવારો મોંઘા થશે. ગરીબ અને મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ જશે. ખાંડના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં હજુય કિલોનો ભાવ ૬૨ રૂપિયા હોવાથી આ સ્થિતિ આવી છે.કન્ઝયૂમર મંત્રાલયના આંકડાં પ્રમાણે જુલાઈમાં રિટેઈલ ખાંડનો કિલોનો ભાવ ૪૭ રૂપિયા હતો. મહિનાના અંતે ૪૮.૧૮ રૂપિયા સુધી પહોંચ્યો હતો. તે પછી દર મહિને ખાંડના ભાવમાં સરેરાશ ૨.૭ ટકાના દરે વધારો થતો રહ્યો છે. ખાંડના ભાવ ૭૦ સુધી પહોંચી ગયા પછી હવે ૩.૮૫ ટકાનો ઘટાડો નોંધાયો છે, તે છતાં રિટેઈલ ખાંડનો કિલોનો ભાવ અત્યારે ૬૨.૫૭ રૂપિયા બોલી રહ્યો છે. એટલું જ નહીં, ગોળના ભાવમાં પણ જુલાઈથી દર મહિને ૧.૭૫ ટકાનો વધારો ઝીંકાયો છે. ગોળમાં વાર્ષિક વૃદ્ધિદર ૬.૨૮ સુધી પહોંચી ચૂક્યો છે.ખાંડ અને ગોળના ભાવમાં આટલો તોતિંગ વધારો થતાં તેની સીધી અસર સ્વીટ્સ અને ચોકલેટ્સના ઉત્પાદન પર થઈ છે. છેલ્લાં ત્રણ જ મહિનામાં મીઠાઈઓની બનાવટના ભાવમાં ૬.૦૮ ટકાનો વધારો થયો છે. ખાંડ અને ગોળના ભાવ વધવાની સાથે મીઠાઈ બનાવતી કંપનીઓ અને દુકાનોએ કિંમત વધારી દીધી છે. એવી પણ દહેશત છે કે તહેવારોની સીઝન માટે બનતા પેકેટ્સના ભાવ તો વધશે જ, સાથે સાથે વજન પણ ઘટી જશે. ધારો કે કિલોના પેકેટ્સના મીઠાઈના ભાવ ગયા વર્ષે હતા એનાથી વધે તો ખરા જ, સાથે સાથે પેકેટ્સની સાઈઝ કિલોને બદલે ૯૦૦ ગ્રામ કે ૯૫૦ ગ્રામ થઈ જાય એવી શકયતા પણ નકારી શકાતી નથી.મીઠાઈઓ ઉપરાંત ચોકલેટ્સ, બિસ્કિટ સહિત જેટલી પણ પ્રોડક્ટમાં ખાંડનો ઉપયોગ થાય છે તે તમામમાં પાંચથી સાત ટકા કે મેક્સિમમ ૧૦ ટકા સુધીનો ભાવ વધારો મંડરાઈ રહ્યો છે. તહેવારોમાં ખાંડની માંગમાં વધારો થતો હોય છે.

ખાસ તો જન્માષ્ટમીથી લઈને ગણેશ ચતુર્થી, નવરાત્રિ અને દિવાળીના તહેવારોમાં ભારતીય ઘરોમાં નૈવેધથી માંડીને મીઠાઈઓ બનાવવા સુધી ખાંડની ડિમાન્ડ વધે છે. એટલું જ નહીં, તૈયાર મીઠાઈઓ, ચોકેલેટ્સ, કૂકીઝના ગિફ્ટ પેકની ડિમાન્ડ વધતી હોવાથી આવી પ્રોડક્ટ બનાવતી કંપનીઓના પ્રોડક્શનમાં વધારો થાય છે. તેમની ખાંડની ડિમાન્ડ વધી જાય છે.જોકે, છેલ્લાં સાત વર્ષથી ખાંડના ભાવ નિયંત્રણમાં હોવા છતાં મીઠાઈઓ-ચોકલેટ્સની કિંમતમાં ૫.૫ ટકાના દરે વૃદ્ધિ થઈ છે. ખાંડના ભાવમાં જ આટલો તોતિંગ વધારો થતાં આ ભાવવધારો તહેવારોમાં મીઠાઈઓનો સ્વાદ કડવો કરશે.

### બેભાન કર્યા વગર ૧૦ ફૂટ ઊંડી ખાઈમાંથી રેસ્ક્યુ કરાયો

# બે સિંહ લડ્યા ને એક સાવજ ૧૦ ફૂટ ઊંડા ખાડામાં પડ્યો

**ખાઈમાંથી સિંહને સલામત બહાર કાઢ્યા બાદ તેને તાત્કાલિક એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો**

ગિર સોમનાથ, તા.૮

ગિર સોમનાથ અને અમરેલી સરહદે આવેલી તુલસીશ્યામ રેન્જના ખંભાળા વિસ્તારમાંથી વન વિભાગના તબીબો અને ટ્રેકર્સની સરાહનીય કામગીરી સામે આવી છે. સામસામેની લડાઈમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા બાદ ૧૦ ફૂટ ઊંડી ખાઈમાં ખાબકેલા એક નર સિંહને વન વિભાગની ટીમે અત્યંત જોખમી ઓપરેશન પાર પાડીને નવજીવન આપ્યું છે.સામાન્ય રીતે વન્યજીવોને રેસ્કયુ કરતી વખતે ગનથી બેભાન કરવામાં આવતા હોય છે, પરંતુ આ સિંહ લડાઈ બાદ અત્યંત નબળો પડી ગયો હોવાથી તેને બેભાન કરવો જીવલેણ સાબિત થઈ શકે તેમ હતો. આ સ્થિતિમાં વન વિભાગે હિંમતપૂર્વક હાઈ-રિસ્ક ઓપરેશન હાથ ધર્યું હતું.વન વિભાગના એક ટ્રેકરને પાંજરામાં બેસાડીને ૧૦ ફૂટ ઊંડી ખાઈમાં સિંહની એકદમ નજીક ઉતારવામાં આવ્યો હતો. ત્યારબાદ લાકડીઓ અને દોરડાના ફાંસાની મદદથી સિંહને સુરક્ષિત રીતે કાબૂમાં લેવામાં આવ્યો હતો. આ ભારેખમ પાંજરાને ખાઈમાંથી બહાર કાઢવા માટે વન વિભાગના ૨૦ જેટલા કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.ખાઈમાંથી સિંહને સલામત બહાર કાઢ્યા બાદ તેને તાત્કાલિક એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં વન વિભાગના પશુ ચિકિત્સકોની ટીમે ૧૦ દિવસ સુધી તેની ગહન સારવાર અને દેખરેખ રાખી હતી. ૧૦ દિવસની તબીબી સંભાળ બાદ સાવજ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જતાં તેને ફરી એકવાર પોતાના કુદરતી આવાસ એવા જંગલમાં મુક્ત કરી દેવામાં આવ્યો છે.

### રાહુલ ગાંધીએ ગૃહ મંત્રાલય સામે ઉઠાવ્યા સવાલ

# દિલ્હીમાં મણિપુરના સંગીતકાર પર હુમલો, સારવાર દરમિયાન મોત

**દિલ્હી પોલીસે આ કેસમાં ૭ પુખ્ત આરોપીઓ અને ૧ સગીરની ધરપકડ કરી છે**

નવી દિલ્હી, તા.૮

દિલ્હીના કિલોકરી ગામમાં રહેતા ૫૪ વર્ષીય મણિપુરી સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહની ઘરમાંથી બહાર જઈને અવાજ ઓછો કરવાનું કહેવા બદલ નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. આ ઘટના બાદ રાજધાનીમાં પૂર્વોત્તરના લોકોની સુરક્ષાને લઈને મોટો વિવાદ સર્જાયો છે.

લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે દિલ્હીમાં પૂર્વોત્તરના લોકો વિરુદ્ધ વધતી અરાજકતા રોકવા માટે ગૃહ મંત્રાલય અને દિલ્હી પોલીસ શું કરી રહી છે? તેમણે આ મામલે ત્વરિત તપાસ અને કડક ન્યાયની માંગ કરી છે.

રવિવાર રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે વિક્રમ સિંહ કચરો ફેંકવા નીચે ગયા હતા, જ્યાં તેમણે બહાર હોબાળો કરી રહેલા ૮ યુવકોને અવાજ ઓછો કરવા કહ્યું હતું. ઉશ્કેરાયેલા આરોપીઓ તેમનો પીછો કરીને ત્રીજા માળ સુધી પહોંચ્યા અને તેમના પર હુમલો કર્યો હતો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

દિલ્હી પોલીસે આ કેસમાં ૭ પુખ્ત આરોપીઓ અને ૧ સગીરની ધરપકડ કરી છે. ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કરીને દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

### ભારતમાં ગોલ્ડ લોનમાં રેકોર્ડબ્રેક ઉછાળો

# જીડીપી વધારાની વાતો વચ્ચે સોનું ગિરવે મૂકી ઘર ચલાવવાની નોબત

**આ આંકડા દર્શાવે છે કે, હવે લોકો લોન લઈને ઘર ચલાવે છે અને સુખ સુવિધા માણી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૮

આરબીઆઈના ડેટા મુજબ, ભારતીયોએ રોજિંદા ખર્ચાઓ પહોંચી વળવા રૂ. ૯.૦૬ લાખ કરોડના સોનાના દાગીના ગીરવે મૂક્યા છે. જુલાઈમાં NBFC અને બેંકો દ્વારા સોના સામેની લોનમાં અનુક્રમે ૬૮.૯% અને ૮૮.૧%નો વાર્ષિક વધારો નોંધાયો છે. NBFCનો પોર્ટફોલિયો રૂ. ૩.૫૪ લાખ કરોડ અને બેંકોનો રૂ. ૫.૫૨ લાખ કરોડ હતો, જે દર્શાવે છે કે લોકો હવે લોન પર નિર્ભર છે.

સોનાના દાગીના સામે લોન આપવાના મામલે નોન બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ જુલાઈ મહિનામાં સૌથી આગળ રહી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આંકડા મુજબ, જુલાઈમાં એનબીએફસી અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ દ્વારા સોનાના દાગીના સામે આપવામાં આવેલી લોનમાં વાર્ષિક ધોરણે ૬૮.૯ ટકાનો વધારો થયો છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ લોન વધીને ૫૧.૫ ટકા થઈ છે. આ આંકડા દર્શાવે છે કે, હવે લોકો લોન લઈને ઘર ચલાવે છે અને સુખ સુવિધા માણી રહ્યા છે.બીજી તરફ, બેંકોની સોનાના દાગીના સામેની લોનમાં જુલાઈમાં ૮૮.૧%ની વાર્ષિક વૃદ્ધિ થઈ હતી. જોકે, એક વર્ષ અગાઉ બેંકોની વૃદ્ધિ ૧૩૬.૪ ટકા હતી એટલે બેંકોમાં પણ સોનાની લોનનો બિઝનેસ વધ્યો છે, પરંતુ વૃદ્ધિની ગતિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જુલાઈના અંતે એનબીએફસીની સોનાની લોનનો બાકી પોર્ટફોલિયો આશરે રૂ. ૩.૫૪ લાખ કરોડ હતો.

બેંકો પાસે સોનાના દાગીના સામેની બાકી લોન રૂ. ૫.૫૨ લાખ કરોડ હતી. એનબીએફસી ક્ષેત્રમાં રિટેલ લોનની વિવિધ કેટેગરીમાં સોનાની સામેની લોન સૌથી ઝડપથી વધતી કેટેગરીમાં રહી હતી. બીજી તરફ, એનબીએફસી દ્વારા આપવામાં આવતી ક્રેડિટમાં ૧૪.૯ ટકાનો વધારો થયો હતો. જે આંક વધીને રૂ. ૫૯.૮૯ લાખ કરોડ પહોંચ્યો હતો. એનબીએફસી અને બેંકોની બાકી ગોલ્ડ લોનનો આંકડો રૂ. ૯.૦૬ લાખ કરોડ પહોંચ્યો છે. એટલે કે, ભારતીયોએ રૂ. ૯.૦૬ લાખ કરોડના દાગીના ગીરવે મૂકીને લોન લીધી છે. આ આંકડામાં ઘરની આસપાસ જોવા મળતા ધીરનારવાળા સામેલ નથી.

જુલાઈ મહિનાના અંત સુધીમાં એનબીએફસીની બાકી ગોલ્ડ લોનનો પોર્ટફોલિયો રૂ. ૩.૫૪ લાખ કરોડ હતો

### નેતાઓ નહીં પણ બંધારણ પ્રત્યે અધિકારીઓ વફાદાર રહે

# લોકશાહીમાં જનતા જ માલિક અને અધિકારીઓ તેના સેવક : હાઇકોર્ટ

**એનએસએ હેઠળ ગેરકાયદે ધરપકડના આદેશ બદલ ડીએમને હાઇકોર્ટની ફટકાર, પગારમાંથી વિદ્યાર્થિનીને પાંચ લાખનું વળતર આપવા આદેશ**

પ્રયાગરાજ, તા.૮

નોઈડાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમને એક લૉની વિદ્યાર્થિનીની એનએસએ હેઠળ અટકાયતનો આદેશ આપવો ભારે પડી ગયો છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે ન માત્ર ડીએમનો આદેશ રદ કર્યો સાથે સાથે ડીએમ સહિતના અધિકારીઓ પાસેથી રૂપિયા પાંચ લાખ વસુલીને વિદ્યાર્થિનીને વળતર આપવા પણ કહ્યું છે. સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે અધિકારીઓ જનતાના સેવક છે, જનતા લોકશાહીમાં માલિક છે.નોઈડામાં મજૂરોના આંદોલનમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થિની આકૃતિની ધરપકડ કરી એનએસએ લગાવાયો હતોએપ્રીલ મહિનામાં નોઈડાના વર્કર્સ દ્વારા હડતાળ પાડવામાં આવી હતી, જે મામલે દિલ્હી યુનિવર્સિટીની ૨૫ વર્ષીય વિદ્યાર્થિની આકૃતિ ચૌધરીની ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા ધરપકડ કરીને તેની સામે નેશનલ સિક્યોરિટી એક્ટ એનએસએ લગાવી દેવાયો હતો. સાથે જ એક પત્રકાર સત્યમ વર્માની સામે પણ આ જ કાયદા હેઠળ આકરી કલમો લગાવાઈ હતી. વેતન વધારવાના આ આંદોલનમાં અન્ય કેટલાક એક્ટિવિસ્ટ્સની પણ ધરપકડ કરાઈ હતી.લૉની વિદ્યાર્થિની અને એક્ટિવિસ્ટ આકૃતિ ચોધરી સામે એનએસએ હેઠળ કાર્યવાહીનો આદેશ ગૌતમબુદ્ધા નગરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમે આપ્યો હતો.

અલ્લાહાબાદ હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે પોલીસ રિપોર્ટમાં માત્ર આરોપો છે, આરોપોને સમર્થન કરતી કોઈ જ સામગ્રી નથી. એવુ લાગી રહ્યું છે કે મજૂરો માટે અવાજ ઉઠાવનારાઓનો અવાજ દબાવવા એક ઉદાહરણ પુરુ પાડવા ડીએમ દ્વારા આ આદેશ અપાયો છે.હાઈકોર્ટે નોંધ્યું હતું કે ગેરકાયદે અટકાયતના આદેશ આપીને ડીએમએ વિદ્યાર્થિનીને બંધારણના આર્ટિકલ ૨૧ હેઠળના જે મૂળભૂત અધિકારો મળ્યા છે તેનું ઉલ્લંઘન કર્યું છે. અધિકારીઓ અને પોલીસે યાદ રાખવું જોઈએ કે તેમની વફાદારી બંધારણ પ્રત્યે છે, કોઈ રાજકારણી પ્રત્યે નહીં. અધિકારીઓ સેવકો છે, કે જેઓ જનતાની સેવા કરે છે.

જનતા લોકશાહીમાં માસ્ટર છે. જો બ્યૂરોક્રેટ્સ અને પોલીસ અધિકારીઓ પોતાની શપથની વિરુદ્ધમાં કામ કરવા લાગશે તો જનતાની નજરમાં તેઓ બ્રિટિશ શાસકો જેવા દમનકારી બની જશે. આ પ્રકારના અધિકારીઓ યુપીને શોષણખોર રાજ્ય બનાવી નાખશે. જે પણ અધિકારીઓ, ડીએમ આ ગેરકાયદે ધરપકડ પાછળ જવાબદાર છે તેમના પગારમાંથી પાંચ લાખ રૂપિયા કાપીને વિદ્યાર્થિનીને વળતર આપવામાં આવે.

### ૧૨૯૫ આંગણવાડી માટે રૂ. ૮થી ૧૪ હજારનું ભાડું ચૂકવાય છે

# અમદાવાદ શહેરની ૬૦ ટકાથી વધુ આંગણવાડીઓ ભાડાના મકાનમાં !

**અમદાવાદમાં કુલ ૨૧૨૮ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. તેમાંથી ૮૩૩ કેન્દ્રો પોતાના મકાનમાં છે**

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરની આંગણવાડીઓની માળખાકીય સ્થિતિ સામે મોટો સવાલ ઉભો થયો છે. શહેરની 2128 આંગણવાડીમાંથી 1295 એટલે કે 60 ટકાથી વધુ આંગણવાડી ભાડાના મકાનમાં ચાલી રહી છે. માત્ર 833 આંગણવાડી જ પોતાના મકાનમાં કાર્યરત છે. ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે કોર્પોરેશન દ્વારા પ્રતિમાસ અંદાજે રૂ. 8 હજારથી રૂ. 14 હજાર રૂપિયા સુધીનું ભાડું ચૂકવવામાં આવે છે. એટલે કે બાળકો માટેની પાયાની સુવિધા ઊભી કરવા કરતાં મોટી સંખ્યામાં આંગણવાડીઓ માટે વર્ષોથી ભાડા પાછળ સરકારી નાણાં ખર્ચી રહ્યાં છે.પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદમાં કુલ 2128 આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. તેમાંથી 833 કેન્દ્રો પોતાના મકાનમાં છે, જ્યારે 1295 કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલી રહ્યાં છે. મહિલા અને બાળ વિકાસ કમિટીના જણાવ્યા અનુસાર, કોર્પોરેશનના ખાલી પ્લોટની યાદી મંગાવવામાં આવી છે અને આ પ્લોટ પર આંગણવાડી બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. અત્યાર સુધીમાં 15થી 20 પ્લોટ ઓળખવામાં આવ્યા છે, જ્યાં આંગણવાડી બનાવી શકાય તેમ છે. આ ઉપરાંત નવી બનતી કોર્પોરેશનની સ્કૂલોમાં પણ આંગણવાડી માટે જગ્યા ફાળવવા માગણી કરવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં ભાડાના મકાન પરની નિર્ભરતા ઘટાડી શકાય.આંગણવાડીઓમાં આવતા બાળકોના પોષણ સાથે જોડાયેલા આંકડા પણ ચિંતા ઉપજાવે તેવા છે. શહેરમાં 44236 બાળકોનું વજન અથવા ઊંચાઈ તેમની ઉંમર પ્રમાણે ઓછું જોવા મળ્યું છે. જેમાં 29590 બાળકોની ઊંચાઈ ઉંમર પ્રમાણે ઓછી છે, જ્યારે 10542 બાળકોનું વજન ઓછું છે. આવી સ્થિતિમાં કુપોષણ સામે કામ કરતી આંગણવાડીઓને પોતાના મકાન, સ્વચ્છતા અને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી વધુ મહત્વપૂર્ણ બની જાય છે. આંગણવાડીમાં શુદ્ધ પાણીની સુવિધા માટે હાલ 363 કેન્દ્રોમાં RO મશીન લગાવવાની મંજૂરી અપાઈ છે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે અને આગામી સમયમાં અન્ય કેન્દ્રોમાં પણ ROની વ્યવસ્થા કરાશે.

# બગસરા શરાફી મંડળી દ્વારા સ્વ. અરવિંદભાઈ મણિયારની પુણ્યતિથિ નિમિત્તે શૈક્ષણિક કીટ અર્પણ કરાઈ






રાજકોટનાં દિવંગત અરવિંદભાઈ મણિયારની ૪૩મી પૂણ્યતિથી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષ બગસરાની મિડલ સ્કૂલ ખાતે મંડળીનાંએમ.ડીનિતેષભાઈ ડોડીઆના અધ્યક્ષસ્થાનેઅનેસમારોહનૂઊદઘાટન શ્રીજી ગોલ્ડ પ્લેટીંગ વાળા ભાવેસભાઈ ભાનાણીનાંવરદહસ્તે કરવામાઆવેલ. બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સ્થાપના અરવિંદભાઈ મણિયારની સ્મૃતિમા કરવામાં આવેલ હોય અને તેની પૂણ્યતિથી નિમિત્તે બગસરાની તમામ ૮ શાળાઓના દતક વિધાર્થીઓને વર્ષભરની શૈણણીક કીટ આગેવાનોના વરદહસ્તે અર્પણ કરવામા આવેલ તેમજ આ સાથે મંડળીની સ્થાપના વખતનાં સભાસદ અમૂતભાઈ ચૌહાણ તેમજ ભીખૂભાઈ છાંટબીરનૂ મંડળીદ્વારા અદકેરૂ સન્માન કરવામા આવેલ તેમજ બાળકો સાથે જ્ઞાન સાથે ગમ્મતનાં કાર્યક્રમ બાળકોને ઈનામ આપી પ્રોત્હીત કરવામ આવેલ. આ સમારોહમા મંડળીનાં ડીરેકટર ઈન્દૂકુમાર ખીમસુરીયા, કિર્તીબેન પરમાર, વિણાબેન સરવૈયા, હેતલબેન કટેસીયા, શાળાનાં આચાર્ય આનંદભાઈ દુધરેજીયા તથા શાળાસ્ટાફ સહિતનાંઊપસ્થિતરહીબાળ કોનેપ્રોત્સાહીતકરવામાઆવેલ. આસમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળીનાં જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા દ્વારા કરવામા આવેલ. તેમ મંડળીનાંઆસી. સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડનીયાદી જણાવેછે.

### કામ પર ન રાખવા બાબતે

## ઉનાના દડુકેશ્વર ખાણ વિસ્તારમાં મહિલાના માથામાં ધોકાનો ઘા માર્યો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

ઉના, તા. ૮

ઉના શહેરમાં કામ પર ન રાખવા બાબતે થયેલા મનદુઃખને લઈને બે પરિવારો વચ્ચે બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. દડૂકેશ્વર ખાણ વિસ્તારમાં બનેલી આ ઘટનામાં એક મહિલાના માથાના ભાગે લાકડાના ધોકાથી ઈજા થયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જયાં માથાના પાછળના ભાગે ચાર જેટલા ટાંકા આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ, ઉના દડૂકેશ્વર ખાણ, ક્રિષ્ના પાર્ટી પ્લોટ પાસે રહેતા લતાબેન શામજીભાઈ કરશનભાઈ જેઠવા એ ઉના સરકારી હોસ્પિટલમાં પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, લતાબેન ઘરકામ તથા છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સાંજના આશરે સાત વાગ્યાના અરસામાં તેઓ તેમના ઘર સામે રહેતા મોહનભાઈ અરજણભાઈ પરમારની દુકાને ગયા હતા. તેઓ જયાં કામ કરતા હતા ત્યાં તેમને કામ પર ન રાખવા અંગે શેઠને કહેવામાં આવ્યું હોવાની વાતને લઈને તેમણે મોહનભાઈને ઠપકો આપ્યો હતો. મોહનભાઈએ પોતે કોઈને ફોન કર્યો ન હોવાનું જણાવતાં લતાબેન ત્યાંથી પોતાના ઘરે પરત ફર્યા હતા.

ત્યારબાદ રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સમયે મોહનભાઈના પત્ની જીવુબેન મોહનભાઈ પરમાર, તેમની દીકરી અંકિતાબેન રાજુભાઈ ડાભી અને હર્ષિતાબેન મોહનભાઈ પરમાર લતાબેનના ઘર પાસે આવી ગાળો બોલી બોલાચાલી કરવા લાગ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

બોલાચાલી દરમિયાન લતાબેન તથા તેમના પરિવારજનો ઘર બહાર આવ્યા અને ગાળો આપવાનું કારણ પૂછયું હતું. આ દરમિયાન વિવાદ વધુ ઉગ્ર બન્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ મોહનભાઈ અરજણભાઈ પરમાર, મનુભાઈ અરજણભાઈ પરમાર, પ્રતિકભાઈ મનુભાઈ પરમાર, જિગ્નેશભાઈ મનુભાઈ પરમાર તેમજ અન્ય લોકો પણ સ્થળ પર આવી ગયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ લતાબેન તથા તેમના પરિવારજનોને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન અંકિતાબેન રાજુભાઈ ડાભી લાકડાનો ધોકો લઈ આવી અને લતાબેનના માથાના ભાગે મારતાં લોહી નીકળ્યું હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ પ્રતિકભાઈ, રાજુભાઈ અને જિગ્નેશભાઈએ પણ લાકડીઓ વડે લતાબેનના દીકરાઓને માર માર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

ઘટના દરમિયાન બંને પક્ષે રાડા રાડી થતાં આરોપીઓ ત્યાંથી જતા રહ્યા હતા. જતા સમયે ફરી તેમના ઘર સામે જોવામાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ લતાબેને ફરિયાદમાં આક્ષેપ કર્યો છે.

માથામાંથી લોહી નીકળતાં લતાબેનને તેમના પતિ દ્વારા ખાનગી વાહનમાં ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. તબીબે માથાના પાછળના ભાગે ચાર જેટલા ટાંકા આવે તેવી ઈજા થઈ હોવાનું જણાવી સારવાર શરૂ કરી હતી.

આ મામલે જીવુબેન મોહનભાઈ પરમાર, અંકિતાબેન રાજુભાઈ ડાભી, હર્ષિતાબેન મોહનભાઈ પરમાર, મોહનભાઈ અરજણભાઈ પરમાર, મનુભાઈ અરજણભાઈ પરમાર, પ્રતિકભાઈ મનુભાઈ પરમાર, જિગ્નેશભાઈ મનુભાઈ પરમાર, રાજુભાઈ ભીખાભાઈ ડાભી, જયેશભાઈ બાલાભાઈ પરમાર અને વિવેકભાઈ જયેશભાઈ પરમાર સહિત કુલ ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળે છે.

પોલીસે ઈગજની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪તથા અન્ય લાગુ જોગવાઈઓ અને જાહેરનામાના ભંગ સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ યોજાશે

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૫૦ | ૧૫૦૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૯૦ | ૨૫૯૦ |
| ૪ | તલ કાળા | ૨૧૧૦ | ૩૫૦૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૪૪૫ | ૨૪૪૫ |
| ૬ | બાજરો | ૪૨૫ | ૪૯૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૫૫ | ૬૦૦ |
| ૯ | ચણા | ૮૧૦ | ૧૨૬૫ |
| ૧૦ | સફેદ ચણા | ૧૨૧૫ | ૧૨૮૫ |
| ૧૧ | છોલે ચણા | ૧૪૯૦ | ૧૪૯૦ |
| ૧૨ | તુવેર | ૧૦૯૫ | ૧૬૦૦ |
| ૧૩ | કપાસ | ૯૩૦ | ૧૯૬૫ |
| ૧૪ | એરંડા | ૧૧૦૦ | ૧૪૩૫ |
| ૧૫ | જીરૂ | ૧૬૦૦ | ૩૧૦૦ |
| ૧૬ | ધાણી | ૩૦૧૫ | ૩૦૮૦ |
| ૧૭ | મેથી | ૧૧૯૦ | ૧૨૫૦ |
| ૧૮ | સોયાબીન | ૧૦૬૦ | ૧૧૬૦ |
| ૧૯ | રજકાનું બી | ૬૯૦૦ | ૬૯૦૦ |
| ૨૦ | કાંગ | ૭૫૫ | ૭૫૫ |

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

## અમરેલી જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

### વાહનો રીફ્લેકટર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે

અમરેલી, તા. ૮

અમરેલી કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગકરી રોડ અકસ્માત ઘટાડવા સાથે રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, અમરેલીની વિવિધ શાળાઓમાં માર્ગ સલામતીને લઈને જનજાગૃતિ સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઓગસ્ટ મહિનામાં માર્ગ સલામતી માસ અંતર્ગત જનજાગૃતિ કાર્યવાહી કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટરે ઉત્પાદકો તરફથી કાયમી રિફલેકટર લગાડવામાં નથી આવતા તેવા ખેતીવાડીમાં વપરાતા ટ્રેલરો પર રેડિયમ રિફલેકટર લગાડેલા ન હોય તેવા વાહનોના ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. કાયમી રિફલેકટર ન હોય અને રેડિયમ રિફલેકટર પણ લગાડેલા ન હોય તેવા વાહનોના લીધે અકસ્માત ન સર્જાય અને તેના લીધે વાહનના કોઈ પણ ચાલકે જીવ ગુમાવવો ન પડે તે માટે તકેદારીના ભાગરૂપે આ જનજાગૃતિ જરૂરી છે.

આર.ટી.ઓ દ્વારા પ્રતિમાસ નિઃશુલ્ક રેડીયમ રિફલેકટર ખેતીવાડીમાં વપરાતા વાહનોમાં લગાડવામાં આવે છે તેમ છતાં જે વાહનો આવા રિફલેકટર વગરના છે અથવા તો રિફલેકટર નથી લગાડતા તેમના સામે કાર્યવાહી કરવામાં આવશે. નેશનલ હાઈવે પર ડિવાઈડર તોડનાર ઈસમો સામે કાનૂની કાર્યવાહી કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓને કલેકટરે તાકીદ કરી હતી. જે જગ્યાએ મીડિયન ડિવાઈડર તોડી નાખનાર ઈસમો મળી આવે તેમના પર કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર દબાણો અંગેની કલેકટર દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. જે માર્ગ પર દબાણ હોય તેને આગામી સમયમાં દૂર કરવા માટે જરૂરી આયોજન કરવા માટે જણાવાયું હતું. જિલ્લા કલેકટરે વિવિધ રોડ રસ્તા ઉપર વૃક્ષોનું ટ્રીમીંગ, રમ્બલ સ્પીડ બ્રેકર સહિતની બાબતોને લઈને સંબંધિત અધિકારીઓને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી હતી. વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહીં વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર એ.એ. ડોડિયા પ્રાંત અધિકારી અમરેલી–કુંકાવાવ જાડેજા, આર.ટી.ઓ બી.એસ. કલસરિયા સહિત સંબંધિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન આર.ટી.ઓ. ઈન્સપેકટર એમ.વી. શાહે કર્યું હતું.

"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
"અમરેલી એક્સપ્રેસ"

પાના ૧ ઉપરનું ચાલું **કરોડો રૂપિયાની છેતરપીંડી કરનાર**

ફ્રોડની ફરિયાદો મળેલી. જેમાં ૨૩ કરોડ, ૮ લાખ, ૭૩ હજાર ૫૬૭ જેવી રકમ અને ડિસ્પ્યુટેડ રકમ ૭૬ લાખ ૮૪ હજાર ૯૨૬ સુધીની તપાસમાં મળી આવેલ હતી. આ સાયબર ફ્રોડ દ્વારા અલગ અલગ ૭ જેટલી કંપનીઓ બનાવીને અલગ અલગ ૧૫ જેટલા ખાતાઓ મારફતે ૬૩૪ કરોડ રકમ જમા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ કંપનીના ડીરેકટર સૂર્યસિંહ જગતસિંહ રાઠોડને પણ ઝડપી પાડીને તમામ આરોપીઓની બેંક ખાતા બાબતે તપાસ કરતા અલગ અલગ બેંકમાંથી ૩૦ થી ૩૫ જેટલા ખાતાઓ મળી આવેલા. જે અંગે અમરેલી પોલીસે આરોપીઓની ધરપકડ કરીને અમરેલી એસપી સંજય ખરાતે પ્રેસ કોન્ફરન્સ સંબોધીને સમગ્ર સાયબર ફ્રોડથી લાલચ આપતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો ને ગુજરાત રાજયમાં કરોડો રૂપિયાનું કરી નાખનારા શખ્સો પર અમરેલી પોલીસે ગાળીયો નાખીને સૌથી મોટા સાયબર ફ્રોડ કરતા ૬ શખ્સો ઝડપાઈ ગયા હતા ને વધુ તપાસ પોલીસે શરૂ કરી હોવાની વિગતો અમરેલી એસપી સંજય ખરાતે જણાવી હતી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૨ | શીંગ નવી | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૭ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૯૧ |
| ૫ | કપાસ | ૧૮૩૦ | ૧૯૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૯ | જુવાર | – | ૧૨૫૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | – |
| ૧૧ | ચણા | ૧૨૦૦ | ૧૨૫૯ |
| ૧૨ | તુવેર | ૧૪૦૦ | ૧૫૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૦૦ | ૧૯૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૪ | ૫૪૫ |
| ૩ | મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૪ | તલ | ૨૦૧૦ | ૨૨૦૦ |
| ૫ | સોયાબીન | ૧૧૩૦ | ૧૧૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૯૫૦ |
| ૨ | મગફળી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૨૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૧૭ |
| ૫ | સોયાબીન | ૧૧૧૩ | ૧૧૧૩ |
| ૬ | ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૫૦ |

### પંચકુંડમાં ૧૦ સપ્ટેમ્બરથી લોકમેળાની રંગત જામશે

## બાબરા પાંચાલ સંસ્કૃતિની ઝાંખી કરાવતો ચાર દિવસીય લોકમેળો યોજાશે

### જનમેદની ઉમટવાની સંભાવના હોય તંત્ર તૈયારીમાં વ્યસ્ત




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરાના પંચકુંડ ખાતે શ્રી નીલકંઠ મહાદેવનાં સાનિધ્યમાં નીલકંઠ યુવક મંડળ દ્વારા આયોજિત ભવ્ય ભાતીગળ લોકમેળાનો તા. ૧૦ સપ્ટેમ્બરનાંરોજ સાંજે ૫ કલાકે તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુનાં હસ્તે શુભારંભ થશે. આ પ્રસંગે રાજયનાં ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે, જયારે સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિતનાં રાજકીય, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે.

પંચકુંડ ખાતે વર્ષોથી યોજાતો આ લોકમેળો પાંચાલ સંસ્કૃતિ, ધાર્મિક આસ્થા અને લોકમનોરંજનનો અનોખો સંગમ બની રહ્યો છે. તા. ૧૦થી ૧૩ સપ્ટેમ્બર સુધી ચાર દિવસ યોજાનારા મેળામાં બાબરા ઉપરાંત ચિતલ, અમરેલી, બોટાદ, જસદણ, થાન, ચોટીલા સહિતનાં વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની શકયતા છે.

મેળામાં બ્રેક ડાન્સ, જલપરી, વિશાળ ઝુલા, ડ્રેગન, હોડકું, બંગડી સહિતની આકર્ષક રાઈડસ સાથે બાળકો માટે વિવિધ મનોરંજનની રાઈડસ, ખાણી–પીણીનાં સ્ટોલ અને વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે બજાર પણ ઉભું કરવામાં આવશે.

લાખોની મેદનીને ધ્યાને લઈ આયોજકો દ્વારા પોલીસ, હોમગાર્ડ તથા ખાનગી સિકયુરિટી જવાનોની મદદથી ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. શ્રી નીલકંઠ મહાદેવ મંદિરનાં લાભાર્થે યોજાતા આ ભવ્ય લોકમેળાને લઈને બાબરા સહિત સમગ્ર પંથકમાં અત્યારથી જ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ખેતીવાડી વીજ લાઈન એમ.વી.સી. કેબલની કરવી જરૂરી

## ખેતી પાકોને વીજ લાઈનમાં શોર્ટ સરકીટ થવાથી થતા નુકસાનથી બચાવવા જરૂરી

### તાલુકા પંચાયતના સદસ્યાએ ઉર્જામંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકા પંચાયતના સદસ્યા ભાવનાબેન સુખડીયાએ ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ખેડૂતોના ખેતરમાં પાકેલા પાક સમયએ વીજ લાઈનોના કારણે ઘણી વખત શોક સર્કીટ થવાથી આગનો બનાવ બને છે. જેમાં ઉર્જા વિભાગ દ્વારા બનાવવામાં આવેલ નિયમો ખેડૂતોનો ઉભો પાક સળગી જાય ત્યારે વળખત આપવામાં આવે છે. પરંતુ આ નિયમોમાં ખેડૂતના ખળામાં ભેગો કરેલો પાક કે, ઘાસચારા માટેની કડબની ગંજી કે ઓઘો સળગે તો તેમાં ખેડૂતને મદદરૂપ થવા વળતર ચુકવવામાં આવતું નથી. તેમજ ખેડૂતોને સમયસર અને પુરતી વીજ મળી રહે તે માટે ખેતીવાડી વીજ લાઈનો એમ.વી.સી.સી. કેબલ નાખી પુરતા પ્રમાણમાં સમયસર વીજળી મળે રહે તે બાબતે પ્લાન બનાવી અમલ કરવો અત્યંત જરૂરી છે. કારણ કે ખેતીવાડી વિસ્તારોમાં ઝાડી–જાખરાના કારણે ખેતીવાડી, વીજ લાઈનોમાં જમ્પર બળી જવા ડી.ઓ. ઉડી જવાના કારણે પુરતો વીજ પુરવઠો મળી શકતો નથી. અને આના કારણે ખુલ્લા વીજ વાયરોના કારણે ખેતીવાડી ક્ષેત્રમાં અવાર–નવાર આગ અકસ્માતો તેમજ ખેડૂતના જાનમાલને પણ નુકશાન વેઠવું પડે છે. તો આ બાબતે વિભાગ દ્વારા સત્વરે નિર્ણય કરી રજુઆતને ધ્યાને લઈ ઘટતુ કરવા અંતમાં માંગ કરેલ છે.

ધો. ૧૨ A1 ગ્રેડને – UG કોલેજ ફર્સ્ટયર માં 100% ફી માફ – A2 ગ્રેડને 50% ફી માફ
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ A1 ગ્રેડને – સંકુલની BA-B.Com.-B.Sc.-BBA -BCA કોલેજનાં ફર્સ્ટયર માં 100% ફી માફ થશે. – A2 ગ્રેડ ને 50% ફી માફ થશે.
★ BA સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ • B.Com ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ • B.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી • BBA - BCA - SU - AICTE • રૂા. ૧૦૦/– પ્રવેશ ફી ભરી પ્રવેશ મેળવી લેવો
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
Ad 130

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૦૨૧ | ૨૪૦૦ |
| ૨ | તલ કાળા | ૨૫૦૧ | ૩૨૫૦ |
| ૩ | કપાસ | ૧૮૦૧ | ૧૯૦૧ |
| ૪ | બાજરો | ૪૪૦ | ૪૫૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૧૩૦૦ | ૧૩૧૧ |
| ૭ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | ચણા | ૧૨૧૨ | ૧૪૨૫ |

### વિકાસની વાતો કરવાને બદલે વિકાસકાર્યો કરવા જોઇએ

# દામનગરના જુના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગંદકીનાં ગંજ : પાલિકાના શાસકો આળશ ખંખેરે

## શહેરીજનો ખોબલે-ખોબલે મત આપતા હોય સ્વચ્છતા તો આપો




દામનગર, તા.૮

દામનગર શહેરને સ્વચ્છ અને હરિયાળું બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતી નગરપાલિકા દ્વારા અહીંના જૂના પોલીસ સ્ટેશન, નાયબ મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીમાં પ્રદર્શન હોય એવી રીતે કચરા (પ્લાસ્ટિક)ના થર જાણે કે ઉકરડા માટે બનાવેલ નિવાસ સ્થાન જોવા મળે છે..! તો શું આ પરિસર સફાઈ કામગીરીમા નહીં આવતું હોય, હા સફાઈ થાય પરંતુ અહીંયા એક કચરા પેટી હોય ત્યાં જયાં સુધી આમાં નાખવામાં આવેલ કચરો લઈ જવામાં ન આવે ત્યાં સુધી ગૌ માતા, આખલાઓ અને ભૂંડ કચરો ખાતા હોય અને ગંદકી ફંફોળતા હોવાથી જાણે એવું લાગે કે વિકાસ તો અહીંયા થઈ રહ્યો છે, કચરાનો– નિકાલ કરવામાં આવે તે માટે સમગ્ર નગરપાલિકાનિ ટીમ અને જવાબદાર અધિકારી નક્કર કામગીરી કરે એવી લાગણી છે.

### પીઠવાજાળ આરોગ્ય મંદિર ખાતે સગર્ભા અને ધાત્રી માતાઓને આહાર કીટ વિતરણ



અમરેલી, તા. ૮

આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળ ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ફાઉન્ડેશન અને આરોગ્ય મંદિરના સહયોગથી પરપ્રાંતીય મજુર વર્ગના સગર્ભા માતા ધાત્રી માતા પૌષ્ટિક આહાર કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોશી, તાલુકા હેલ્થ ઓફિસર એસ.બી સતાણીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં ડો રમેશ ચૌહાણ દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફની ખાસ ઉપસ્થિતિમાં પીઠવાજાળ વિઠ્ઠલપુર અને તરકતળાવના ૧૯ જેટલી પરપ્રાંતિય સગર્ભા માતા અને ધાત્રી માતાને એકમાસ ચાલે તેટલું પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

ડો. રમેશભાઈ દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે, વાડી વિસ્તારમાં રહેણાંક દરમિયાન વન્ય જીવથી સાવધાન અને સલામત કેમ રહેવું તેઓ માર્ગદર્શન આપવામાં આવ્યું આ પ્રોગ્રામમાં ગામના સરપંચ તથા આગેવાન પણ ઉપસ્થિત રહેલા હતા. આગામી પૌષ્ટિક આહાર ૬ મહિના ચાલે તેટલું સગર્ભા અને ધાત્રી માતાને પૌષ્ટિક આહાર કીટ આપવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. મિહિર મહેતા, ડો. કિરણ મેડમ અને સુપરવાઈઝર ભગતભાઈનું દ્વારા માર્ગદર્શન મળેલ હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળના સીએચઓ જીનલબેન પ્રજાપતિ, એફએચડબલ્યુ ગીતાબેન વાઘમસી, આશા ભગવતીબેન મકવાણા, સલમાન તરકેસા, રમજુબેન વાળા, રીનાબેન વૈષ્ણવ, અને યોગેશ મકવાણા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

### મોટા દેવળીયામાં ગુંજ્યો 'વંદે માતરમ્'નો ગૌરવભર્યો નાદ

# બાબરા : વંદે માતરમ્ યુવા ઉદ્‌ઘોષક અભિયાન અંતર્ગત યુવાનોમાં રાષ્ટ્રભાવના જગાવવાનો સંકલ્પ

## દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રભાવનાને મજબુત કરવાનો સંકલ્પ લેવાયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૮

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા યુવાનોમાં રાષ્ટ્રભક્તિની ભાવનાને વધુ પ્રબળ બનાવવા તેમજ દેશપ્રેમ અને રાષ્ટ્રસેવાની ભાવના જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે બાબરા તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા મોટા દેવળીયા ગામની પગાર કેન્દ્ર શાળા ખાતે વંદે માતરમ–યુવા ઉદઘોષક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.'વંદે માતરમ'ના ગૌરવભર્યા નાદ સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. યુવાનોને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા તથા રાષ્ટ્રસેવા અને દેશહિતના કાર્યો માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં મોટા દેવળીયા જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, બાબરા તાલુકા પંચાયત ઉપપ્રમુખ મનીષભાઈ કાલેણા, બાબરા તાલુકા યુવા મોરચાના મહામંત્રી વિમલભાઈ પરમાર સહિત હસુભાઈ જાવિયા, ભોળાભાઈ પાડલીયા, દિવ્યરાજભાઈ વાળા, વિક્રમભાઈ ડેર, કુલદીપ ભેસાણિયા સહિત ભાજપ યુવા મોરચાના કાર્યકરો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે 'વંદે માતરમ'ના જયઘોષ સાથે યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની જયોત વધુ પ્રજવલિત કરી દેશસેવા અને રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### તાલુકા સંગઠનને વધુ મજબુત કરવાનાં ધ્યેય સાથે

# બાબરા તાલુકા ભાજપનાં મહામંત્રી તરીકે લલિત વેકરિયા અને અશ્વિન સાકરીયાની વરણી

## સ્થાનિક કાર્યકરો અને આગેવાનોમાં ખુશીનો માહોલ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા તાલુકા ભારતીય જનતા પાર્ટીનાં સંગઠનમાં મહત્વપૂર્ણ ફેરફાર સાથે બે નવા મહામંત્રીઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા ભાજપ દ્વારા લલિતભાઈ વેકરિયા તથા અશ્વિનભાઈ સાકરીયાની બાબરા તાલુકા ભાજપનાં મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવતા ભાજપનાં કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

નવ નિયુક્ત તાલુકા ભાજપ મહામંત્રી લલિતભાઈ વેકરિયા તથા અશ્વિનભાઈ સાકરીયાએ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા બંને નવ નિયુક્ત મહામંત્રીઓનું સ્વાગત અને સન્માન કરી સંગઠનની કામગીરીને વધુ વેગવાન બનાવવા તેમજ પક્ષનાં સંગઠનને ગ્રામ્ય અને બુથ સ્તર સુધી વધુ મજબૂત બનાવવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતનાં સભ્ય હિતેશભાઈ કલકાણી, જિલ્લા ભાજપ કિસાન મોરચાનાં પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા કૃષિ સહકારી મંડળીનાં ચેરમેન જગદીશભાઈ નાકરાણી તથા તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બંને નવ નિયુક્ત મહામંત્રીઓની વરણીથી બાબરા તાલુકા ભાજપનાં સંગઠનને વધુ મજબૂતી મળશે અને આગામી દિવસોમાં પક્ષની સંગઠનાત્મક કામગીરીને નવી ગતિ મળશે તેવી આશા ભાજપનાં આગેવાનો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# અમરેલીની આસ્થા હોસ્પિટલને મળી અંગદાન પ્રક્રિયાની મંજૂરી




અમરેલી, તા. ૮

રાજય સરકારની ઓથોરાઈઝ કમિટી દ્વારા માનવ શરીરનાં અંગોને પ્રત્યાર્પણ કરવા માટે અમરેલીની સુવિખ્યાત અને જરૂરી સુવિધાથી સજજ આસ્થા હોસ્પિટલને ઓર્ગન ડોનેશન પ્રક્રિયા માટે ૧૯૯૪નાં કાયદા મુજબ માન્યતા આપવામાં આવી છે.

અમરેલીનાં જાણીતાં અને અનુભવી ફિઝિશિયન ડો. અશોક પરમારે જણાવ્યું હતું કે, આસ્થા હોસ્પિટલને હ્યુમન ઓર્ગન ડોનેશન એકટ હેઠળ મંજૂરી મળતાં આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવું છું તેમજ આધુનિક ટેકનોલોજી સાથે મેડિકલ ફિલ્ડમાં આવેલ સાયન્ટિફિક ક્રાંતિ મુરઝાતી માનવ જિંદગી બચાવવા ખૂબ મહત્વની સાબિત થઈ છે. આ સેવાથી જરૂરિયાત મંદ દર્દીઓનું જીવન બચાવવા સહિયારો પ્રયત્ન કરીશું અને ઓર્ગન ડોનેશન અંતર્ગત ડોનર પાસેથી હોસ્પિટલ તરફથી કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં.

આ સાથે માનવસેવા અને રાષ્ટ્રધર્મને વરેલ સંસ્થા સંવેદન ગૃપનાં પ્રમુખ વિપુલ ભટ્ટી જેમને તાજેતરમાં રાજય સરકાર દ્વારા આઈ ડોનેશન અવેરનેસ, બ્લડ ડોનેશન એકિટવિટી સહિત સેવાકીય કાર્યો બદલ સન્માનિત કરવામાં આવેલ તેમને ''ઓર્ગન ડોનેશન અવેરનેસ'' માટે વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

અમરેલી જિલ્લાની વિવિધ સામાજિક સંસ્થાઓ, સેવાભાવી વ્યક્તિઓ, હોસ્પિટલ્સ, ડોકટર્સ તેમજ વોલન્ટિયર્સને સાથે લઈ અંગદાન પ્રવૃત્તિ બાબતે જાગૃતિ ફેલાવવાનું કાર્ય હાથ ધરવામાં આવશે. તેમ સંવેદન ગૃપ દ્વારા જણાવાયું છે.

### ગ્રામજનોની સુરક્ષા અને જાગૃતી અર્થે

# લીલીયા મોટા : વાઘણીયા ગામે પોલીસ વિભાગ દ્વારા લોક દરબાર યોજાયો

## સાયબરક્રાઈમ અને ટ્રાફિક જાગૃતિ અંગે માર્ગદર્શન અપાયું



લીલીયા, તા.૮

લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા ગ્રામજનોની સુરક્ષા અને જાગૃતિના હેતુથી વાઘણીયા ગામે 'લોક દરબાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામજનો અને પોલીસ વચ્ચે સીધો સંવાદ યોજાયો હતો.

આ લોક દરબાર લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ.એમ. ડી. સાંળુકે તથા પી.એસ.આઈ. વાય. એમ. જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. પોલીસ અધિકારીઓ દ્વારા ગ્રામજનોને વર્તમાન સમયમાં વધતા જતા સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો, સાયબર અવેરનેસ, ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં પોલીસની તાત્કાલિક સહાય મેળવવા માટેની 'જન રક્ષક ૧૧૨' હેલ્પલાઈન સેવા વિશે સરળ ભાષામાં સમજણ પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે વાઘણીયા ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ગ્રામજનોએ લીલીયા પોલીસની આ લોક – અભિમુખ કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### મોબાઇલ હેંગ થયા બાદ થોડા કલાકોમાં ચાર યુપીઆઈ ટ્રાન્ઝેક્શન

# ઉનામાં પ્લમ્બરના ખાતા માંથી ગુગલ-પે મારફતે ૯૦ હજાર ઉસેડાયા

## અજાણ્યા 'સચીનકુમાર'ના ખાતામાં રકમ જમા

ઉના, તા. ૮

ઉનામાં સાયબર ફ્રોડનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના મોટા કોળીવાડા વિસ્તારમાં રહેતા અને પ્લમ્બર તરીકે કામ કરતા ૪૦ વર્ષીય જગદીશભાઈ પુનાભાઈ ચૌહાણના બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સે ગુગલ–પે મારફતે કુલ ૯૦,૦૦૧ ઉપાડી લીધા હોવાની ફરિયાદ ઉના પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ, ફરિયાદીની જાણ બહાર યુપીઆઈ મારફતે ચાર ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યા હતા.

ફરિયાદીનું ઉનાના ગોંદરા ચોક ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મેઈન બ્રાન્ચમાં બચત ખાતું છે અને તેમનો મોબાઈલ નંબર બેંક ખાતા સાથે લિંક છે. તેઓ પોતાના મોબાઈલમાં ગુગલ–પે અને ફોન–પેનો ઉપયોગ કરતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

રમકડાની દુકાનમાં પેમેન્ટ કરતી વખતે મોબાઈલ હેંગ થયો ફરિયાદ મુજબ, ગત. ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૧ વાગ્યે ફરિયાદી ઉના પોલીસ સ્ટેશન સામે આવેલી રમકડાની દુકાનમાં ગયા હતા. રમકડું ખરીદ્યા બાદ તેમણે ગુગલ–પેથી દુકાનના કયુઆર કોડને સ્કેન કરીને પેમેન્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેમનો મોબાઈલ હેંગ થઈ ગયો હતો.

મોબાઈલ સ્વિચ ઓફ કરીને ફરી ચાલુ કર્યા બાદ તેમણે દુકાનદારને ૧,૨૦૦નું પેમેન્ટ કર્યુ હતું. ત્યારબાદ અન્ય દુકાનમાંથી ખરીદેલી વસ્તુઓ માટે પણ ૫,૪૦૦ અને ૯૦૦ના પેમેન્ટ ગુગલ–પે મારફતે કરવામાં આવ્યા હતા. આ તમામ પેમેન્ટમાં તે સમયે કોઈ ખાસ અડચણ આવી નહોતી. બપોરે ઊંઘમાંથી જાગ્યા ત્યારે મેસેજથી ખુલ્યું રહસ્ય બપોરે આશરે સવા ત્રણ વાગ્યે ફરિયાદી ઘરે સુતા હતા ત્યારે તેમના મોબાઈલ પર સતત બેંક ટ્રાન્ઝેક્શનના મેસેજ આવ્યા હતા. મેસેજ ચેક કરતાં પહેલા૧નું ટ્રાન્ઝેક્શન અજાણ્યા 'સચીનકુમાર'ના ખાતામાં થયું હોવાનું જાણવા મળ્યું.

ત્યારબાદ માત્ર થોડા જ મિનિટોમાં વધુ ત્રણ ટ્રાન્ઝેકશન થયા હતા. જેમાં અનુક્રમે ૩૦,૦૦૦, ૩૦,૦૦૦ અને ૩૦,૦૦૦ એમ કુલ ૯૦,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા હતા. ૧ સહિત કુલ ૯૦,૦૦૧ની રકમ ફરિયાદીના બેંક ખાતામાંથી યુપીઆઈ મારફતે ટ્રાન્સફર થઈ હતી.

તાત્કાલિક બેંકમાં પહોંચી ખાતું લોક કરાવ્યું ટ્રાન્ઝેકશન પોતાની જાણ બહાર થયાનું જણાતાં ફરિયાદીએ તાત્કાલિક બેંકનો સંપર્ક કર્યો હતો અને પોતાનું બેંક ખાતું લોક કરાવ્યું હતું. બેંકમાંથી મળેલી માહિતી મુજબ, ચારેય ટ્રાન્ઝેકશન અજાણ્યા 'સચીનકુમાર' નામના ખાતામાં યુપીઆઈ મારફતે થયા હોવાનું સામે આવ્યું હતું.

આ બનાવ અંગે ફરિયાદીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર પણ જાણ કરી હતી. ફરિયાદના આધારે ઉના પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) તથા આઈટીએકટ કલમ ૬૬–ઈ અને ૬૬–ડ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ દ્વારા હવે યુપીઆઈ ટ્રાન્ઝેકશનની વિગતો, સંબંધિત બેંક ખાતું અને અન્ય ડિજિટલ પુરાવાના આધારે અજાણ્યા આરોપી સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મોબાઈલ હેંગ થયા બાદ થયેલા બનાવને કારણે સાયબર ફ્રોડ અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

### સામાજિક કાર્યકતા કાંતિલાલ પરમારની માંગ

# જશવંતગઢનાં અનુસૂચિત જાતિ વિસ્તારમાં આધુનિક સુવિધાભર કોમ્યુનિટીહોલ બનાવો

## જિલ્લા કલેકટર અને ડીડીઓને પત્ર પાઠવ્યો

અમરેલી, તા.૮

જશવંતગઢ ખાતે અનુસૂચિત જાતિના રહેણાંક વિસ્તારમાં આવેલો જર્જરિત કોમ્યુનિટી હોલ તાત્કાલિક દૂર કરી તેની જગ્યાએ નવો, મજબૂત અને સુવિધાસભર કોમ્યુનિટી હોલ બનાવવાની માંગ સાથે સામાજિક કાર્યકર્તા કાંતિલાલ યુ. પરમાર દ્વારા જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામ પંચાયતને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે હાલનો કોમ્યુનિટી હોલ જર્જરિત સ્થિતિમાં હોવાથી સ્થાનિક લોકો માટે સામાજિક, શૈક્ષણિક અને સામુદાયિક કાર્યક્રમો યોજવામાં મુશ્કેલી તેમજ સલામતીનો પ્રશ્ન ઊભો થઈ શકે છે. તેથી સૌ પ્રથમ હોલનું સરકારી ઈજનેરી વિભાગ મારફતે તાત્કાલિક ટેકનિકલ તથા સ્ટ્રકચરલ નિરીક્ષણ કરાવી, મકાન ઉપયોગ માટે અયોગ્ય જણાય તો નિયમોનુસાર તેને પાડી નવો હોલ બનાવવાની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

તેઓએ ખાસ માંગ કરી છે કે આ પ્રશ્નને આગામી સંકલન સમિતિની બેઠકના સત્તાવાર એજન્ડામાં પ્રાથમિકતાથી સામેલ કરી, સંબંધિત અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ચર્ચા કરવામાં આવે.


નવા કોમ્યુનિટી હોલ માટે સંસદ સભ્યની MPLADS ગ્રાન્ટમાંથી જરૂરી નાણાં ફાળવવા માટે દરખાસ્ત તૈયાર કરી સંસદ સભ્ય સમક્ષ રજૂ કરવામાં આવે તેમજ જરૂરી હોય તો ધારાસભ્યની સ્થાનિક વિકાસ ગ્રાન્ટ અથવા અન્ય યોગ્ય સરકારી યોજના હેઠળથી પણ નાણાકીય જોગવાઈ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.વધુમાં જણાવ્યું છે કે જશવંતગઢના અનુસૂચિત જાતિના રહેણાંક વિસ્તારમાં આવેલો કોમ્યુનિટી હોલ માત્ર એક મકાનનો પ્રશ્ન નથી, પરંતુ સ્થાનિક નાગરિકોની જાહેર સુવિધા અને સલામતીનો પ્રશ્ન છે. તેથી આ મુદ્દે માત્ર આશ્વાસન નહીં પરંતુ સંકલન સમિતિમાં ચર્ચા, નાણાંની જોગવાઈ, મંજૂરી અને બાંધકામ સુધીની કાર્યવાહી સમયબદ્ધ રીતે કરવામાં આવે તેવી માંગ છે.

વિકાસનો લાભ દરેક વસાહત, દરેક નાગરિક અને દરેક વર્ગ સુધી પહોંચવો જોઈએ. જશવંતગઢમાં નવા કોમ્યુનિટી હોલની માંગ હવે માત્ર રજૂઆત નહીં, પરંતુ સમયબદ્ધ સરકારી કાર્યવાહીનો વિષય બનવો જોઈએ. તેમ અંતમાં જણાવેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી

# લાઠી અને લીલીયા તાલુકાને જોડતો રોડ ૩૦ કરોડના ખર્ચે નવો બનશે

## લાઠી તાલુકાના વિકાસ કાર્યોમાં વધુ એક ઉમેરો, લોકોમાં આનંદની લાગણી



અમરેલી, તા. ૮

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનકતળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી અને લીલીયા તાલુકાને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૩૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

લાઠી – લીલીયા રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવર–જવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૩૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, 'લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરૂ છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી લાઠી, લીલીયા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# ધારી ખાતે પરિખ હોન્ડાનાં ઓર્થોરાઈઝડ સર્વિસ અને સેલ્સ સેન્ટરનો પ્રારંભ થયો



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં ગઈકાલે પરીખ હોન્ડા ના ઓથોરાઈઝ્ડ સર્વિસ અને સેલ્સ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે હોન્ડાથી નિહિલ લિમ્બાચિયા તેમજ આકાશ ગુપ્તા અને પરીખ હોન્ડા અમરેલીના માલિક આનંદભાઈ તેમજ ધારીના ડીલર પ્રતાપભાઈ તેમજ એમ.એલ.એ જે.વી. કાકડીયા તેમજ નજીકના આશ્રમના સંતોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતા પૂર્વક યોજાયો.

## ૨ દિવસ પહેલા પદાધિકારીઓ અને અધિકારીઓએ સ્વચ્છતા અને વૃક્ષારોપણ કરેલ

# અમરેલીનાં ઠેબી જળાશય નજીક થયેલ વૃક્ષારોપણ બાદ એક વૃક્ષનું બાળમરણ

**એકાદ કલાક સુધી સ્વચ્છતા અભિયાન યોજાયા બાદ પૂનઃ સફાઈની કામગીરી બંધ થઈ**

**પાલિકાનાં હોંશિયાર કર્મચારીઓ માત્ર પદાધિકારીઓ અને અધિકારીઓની હાજરીમાં જ સફાઈ કાર્ય કરતાં હોય છે**

**શહેરનાં પ્રવેશદ્વારસમા વિસ્તારમાં ગટરનાં ગંધાતા પાણી, બાવળીયાનો ઉપદ્રવ અને હોર્ડિંગની હારમાળા**

**પાલિકા, માર્ગ–મકાન અને પાલિકા તંત્ર દ્વારા સંયુકતપણે પ્રવેશદ્વારસમા વિસ્તારની સમસ્યા દૂર થવી જોઈએ**



અમરેલી, તા. ૮

આમતો આપણે એક કહેવત છે કે જેની શરૂઆત સારી તેનો અંત પણ સારો. પરંતુ, સરકારી કામોમાં શરૂઆત તો દબદબાભેર થાય છે અને અંત સારો રહેતો નથી અને આવી એક ઘટના અમરેલીમાં બની છે.

ગત રવિવારે શહેરનાં પ્રવેશદ્વાર સમા ઠેબી જળાશય નજીક ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા સહિતનાં પદાધિકારીઓ અને જિલ્લા કલેકટર સહિતનાં અધિકારીઓ અને પાલિકાની સફાઈ ટીમે ઉત્સાહભેર થોડી મિનિટો માટે સ્વચ્છતાનું અને વૃક્ષારોપણનું કાર્ય કર્યુ.

બાદમાં પાલિકા ધ્વારા ઠેબી જળાશય નજીક નિયમિત સફાઈ થવાને બદલે ર દિવસથી સફાઈની કામગીરી બંધ કરી દેવાઈ છે. જયાં ઉગી નીકળેલ ઝાંડી–ઝાંખરા હજુ એમને એમ જોવા મળી રહ્યા છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, તે સમયે વૃક્ષારોપણ પણ કરાયેલ. જે પૈકી એક વૃક્ષ ગણતરીની કલાકોમાં જ સુકાઈ ગયેલ છે. કારણ કે વૃક્ષારોપણ બાદ વૃક્ષની માવજત કરવાનું ભૂલી જવાયું છે.

તદુઉપરાંત, ઠેબી જળાશય નજીક જાહેર ખબરોનાં મસમોટા હોર્ડિંગ લગાવી દેવાયા છે. તો શાસ્ત્રીનગરમાંથી આવતી ગંધાતા પાણીની ગટરને લીધે સૌ કોઈને જળાશય નજીકથી પસાર થવું મુશ્કેલ બની ગયું છે.

શહેરનાં પ્રવેશદ્વાર સમા આ વિસ્તારને રળિયામણો બનાવવા માટે પાલિકા, માર્ગ–મકાન અને સિંચાઈ વિભાગ સંયુકતપણે કામગીરી કરે તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

### વાડીમાં લગાવાયેલ પ્લાસ્ટિક જાળમાં ફસાઈ જવાથી

# અરેરાટી : જાફરાબાદનાં વઢેરા ગામની સીમ વિસ્તારમાં સિંહબાળનું મોત થયું

**વનવિભાગે નિયમાનુસાર કાર્યવાહી શરૂ કરી**



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં અવારનવાર સિંહ કે બાળસિંહનાં અકુદરતી મોતની ઘટના સામે આવી રહી છે અને આજે વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે.

જાફરાબાદનાં વઢેરા ગામની સીમમાં આવેલ ગોવિંદભાઈ ભગવાન સોલંકીની વાડીમાં લગાવાયેલ પ્લાસ્ટિક જાળમાં ગળાફાંસો આવી જવાથી ર થી ૩ માસનાં બાળસિંહનું મોત થયેલ છે.

બનાવની જાણ થતાં વન વિભાગે ઘટના સ્થળે દોડી જઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.


naari HOSPITAL હોસ્પિટલ

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ — જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

naarihospitalamreli@gmail.com



પાર્ટ ટાઈમ કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે

પેજમેકર ફોટોશોપ કોરલડ્રોનો અનુભવ જરૂરી

કામનો સમય: સાંજે ૪:૩૦ થી ૧૧:૩૦

અમરેલી એકસપ્રેસ — જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી



હાર્દિક અભિનંદન

શ્રી કૌશિકભાઈ વેકરીયા — રાજયમંત્રીશ્રી : ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય

શ્રી જનકભાઈ તળાવીયા — ધારાસભ્યશ્રી : લાઠી–બાબરા

શ્રી કૌશિકભાઈ વેકરીયા તથા શ્રી જનકભાઈ તળાવીયા આપ બન્ને મહાનુભવોને ''શાઈનિંગ ઈન્ડિયા'' બેસ્ટ MLA એવોર્ડ ૨૦૨૬ થી સન્માનિત કરવામાં આવતા આપને હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.....

શુભેચ્છક

શ્રી દેવશીભાઈ મારૂ — સદસ્ય : નગરપાલિકા–બાબરા

શ્રી લાલભાઈ સરવૈયા — સદસ્ય : નગરપાલિકા–બાબરા

શ્રી ભુપતભાઈ બસીયા — અગ્રણી : શહેર ભાજપ–બાબરા — મુ. બાબરા, જી. અમરેલી



Krishna DINING HALL — ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં... ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ — જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ — કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ

The King of catering service

શ્યામ કેટરર્સ — SHYAM Caterers

અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩

જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫

સ્પે. ગુજરાતી થાળી

શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ ચુરમાનાં લાડુ

શીંગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે. બે પડવાળી રોટલી

શ્યામ ડાઈનીંગ હોલ એ.સી. હોલ

પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331

સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Sheetal ICE CREAM

WE ARE HIRING

JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Namkeen Sales HOD - 1
- Liaisonig Officer - 2
- Sales & Marketing Officer - 3 (ice cream/milk/namkeen)
- Cashier - 2
- Sales Co - Ordinator - 7
- Business Development Manager - 1
- Franchise Development Manager - 1
- Junior Accountant - 2
- Billing Operator - 2
- Telecaller - 1
- Reporting Manager - 2
- HR - Recruiter - 1

Only Male Candidates With Experience May Apply.

Location: Amreli, Gujarat.

APPLY NOW


## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી

## જાહેર હરરાજી

શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી દ્વારા સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્યયાર્ડમાં નીચે જણાવેલ વિગતેની મિલ્કત માસિક ભાડુ ફકત રૂ.૧૧/– લેખે ૯૯ વર્ષનું ભાડુ રૂ.૧૩,૦૬૮/– એકીસાથે લઈને આ મિલ્કત કાયમી ભાડા પટ્ટાથી જાહેર હરરાજી કરી આપવાની છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વેપારી, પેઢી, સંસ્થા, બેંક કે વ્યકિત નીચે જણાવેલ તારીખે ભાગ લઈ શકશે. અરજીફોર્મ અમરેલી સબ માર્કેટયાર્ડની ઓફીસમાંથી રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન રૂ.૨૦૦–૦૦ (નોન રીફન્ડેબલ) ફી રોકડેથી ભરીને મેળવી શકાશે. જાહેર હરરાજીમાં ભાગ લેવા નીચે ટેબલમાં બતાવ્યા પ્રમાણેની ડીપોઝીટની રકમ સંસ્થામાં "શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી" ના નામના ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે. ડીપોઝીટ વગરના અરજીફોર્મ સ્વિકારવામાં નહી આવે અને તેવા કોઈપણ ઈસમોને હરરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. **કોરા અરજીફોર્મ મેળવવાનો તથા ભરેલા અરજીફોર્મ સ્વિકારવાનો સમય તા.૧૧/૦૯/૨૦૨૬ થી તા.૨૬/૦૯/૨૦૨૬ સુધીનો રહેશે.** ભરેલા અરજીફોર્મ સંસ્થામાં રૂબરૂ સ્વિકારવામાં આવશે. હરરાજી અંગેની તમામ વિગતો, શરતો, માપ–સાઈઝ, અરજીફોર્મમાં આપવામાં આવેલ છે તેમજ સંસ્થામાંથી ઓફીસ સમય દરમ્યાન જોવા મળી શકશે.

| ક્રમ | મિલ્કતની વિગત | સાઈઝ | અપસેટ કિંમત રૂ. | ડીપોઝીટ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં બની રહેલ શોપ કમ ગોડાઉન–સી કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન નં. ૧ થી ૧૪ તથા ૧૬ થી ૨૯ | ૧૨'–૦"×૨૫'–૩" (૩૦૩ ચો.ફુટ) + ટોઈલેટ ૪'×૬' કુલ કારપેટ એરીયા ૩૨૭ ચો.ફુટ | ૨૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ શોપ | ૫.૦૦ લાખ પ્રતિ શોપ |
| ૨ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં બની રહેલ શોપ કમ ગોડાઉન–સી કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન નં. ૧૫ | ૧૨'–૦"×૨૫'–૩"+ ૧૨'–૯"×૧૧'–૧૧" (૪૫૦ ચો.ફુટ) + ટોઈલેટ ૪'×૬' કુલ કારપેટ એરીયા ૪૭૪ ચો.ફુટ | ૩૫,૪૦,૦૦૦–૦૦ પ્રતિ શોપ | ૫.૦૦ લાખ પ્રતિ શોપ |
| ૩ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં બની રહેલ શોપ કમ ગોડાઉન–સી કોમ્પલેક્ષમાં ફર્સ્ટ ફ્લોર પર દુકાન નં. ૧ થી ૧૪ તથા ૧૬ થી ૨૯ | ૧૨'–૦"×૨૫'–૩" (૩૦૩ ચો.ફુટ) + ટોઈલેટ ૪'×૬' કુલ કારપેટ એરીયા ૩૨૭ ચો.ફુટ | ૧૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ શોપ | ૫.૦૦ લાખ પ્રતિ શોપ |
| ૪ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં બની રહેલ શોપ કમ ગોડાઉન–સી કોમ્પલેક્ષમાં ફર્સ્ટ ફ્લોર પર દુકાન નં. ૧૫ | ૧૨'–૦"×૨૫'–૩"+ ૧૨'–૯"×૧૧'–૧૧" (૪૫૦ ચો.ફુટ) + ટોઈલેટ ૪'×૬' કુલ કારપેટ એરીયા ૪૭૪ ચો.ફુટ | ૨૧,૪૦,૦૦૦–૦૦ પ્રતિ શોપ | ૫.૦૦ લાખ પ્રતિ શોપ |
| ૫ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં બની રહેલ આર.સી.સી. સ્લેબવાળા ગોડાઉન નં. ૧ થી ૧૫ | ૨૪'–૯"×૫૦'–૦" (૧૨૩૫ ચો.ફુટ) | ૩૯,૪૦,૦૦૦–૦૦ પ્રતિ ગોડાઉન | ૫.૦૦ લાખ પ્રતિ ગોડાઉન |
| ૬ | નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં પશ્ચિમ દિશા બાજુએ ખુલ્લા પ્લોટ | | | |
| | (એ) પ્લોટ નં. ૨૦, ૨૫, ૨૬, ૨૯ તમામ કોર્નર પ્લોટ | ૭૫૦.૦૦ ચો.ફુટ | ૪૯,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (બી) પ્લોટ નં. ૨૪ ૧૦૦ ફુટ મેઈન રોડ ટચ | ૭૫૦.૦૦ ચો.ફુટ | ૪૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (સી) પ્લોટ નં. ૨૭ ૧૦૦ ફુટ મેઈન રોડ તથા બાઉન્ડ્રી વોલ ટચ | ૮૩૨.૪૫ ચો.ફુટ | ૪૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (ડી) પ્લોટ નં. ૨૧ વચ્ચેના ભાગે | ૭૫૦.૦૦ ચો.ફુટ | ૩૯,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (ઈ) પ્લોટ નં. ૨૨ બાઉન્ડ્રી વોલ ટચ | ૮૪૧.૬૫ ચો.ફુટ | ૩૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (એફ) પ્લોટ નં. ૨૩ ૧૦૦ ફુટ મેઈન રોડ તથા બાઉન્ડ્રી વોલ ટચ | ૫૭૦.૫૦ ચો.ફુટ | ૨૯,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |

**:: હરરાજીનું સ્થળ અને સમય ::**

**સબ (જુના) માર્કેટયાર્ડની ઓફીસમાં, તા.૨૭/૦૯/૨૦૨૬ ને રવીવાર, સમય : સવારે ૧૦–૦૦ કલાકે**

**નોંધ :** હરરાજી કરવી, મોકુફ રાખવી, સમય–તારીખમાં ફેરફાર કરવા તથા હરરાજીને સંલગ્ન તમામ બાબતોના અધિકાર શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને અબાધિત રહેશે.

| | | |
|---|---|---|
| **તુષાર એચ. હપાણી** | **ચંદુભાઈ બી. પોલરા** | **ભાવિનભાઈ જે. સોજીત્રા** |
| સેક્રેટરી | વાઈસ ચેરમેન | ચેરમેન |
| ખે.ઉ.બ. સમિતિ–અમરેલી | ખે.ઉ.બ. સમિતિ–અમરેલી | ખે.ઉ.બ. સમિતિ–અમરેલી |

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)